અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૧ નવેમ્બર ૨૦૨૩, શનિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, આસો વદ તેરસ | અંક : ૧૦૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ભારતમાં રોજગારીની તકો પર ચિંતા વ્યક્ત કરતા RBIના પૂર્વ ગવર્નર

# દેશનો વિકાસ દર પૂરતી રોજગારી સર્જન માટે અપૂરતો છે : રાજન

## દેશે પર્યાપ્ત સંખ્યામાં નોકરીઓ પેદા કરવા માટે વાર્ષિક ૮ થી ૮.૫ ટકાના દરે આર્થિક વૃદ્ધિ પ્રાપ્ત કરવી પડશે : પૂર્વ આરબીઆઈના ગર્વનરનો દાવો

। નવી દિલ્હી, તા.૧૦ ।

હાલમાં ભારતીય અર્થતંત્ર જે ઝડપે વિકાસ રહ્યું છે તે રીતે પૂરતી સંખ્યામાં રોજગારી પેદા કરવી શક્ય નથી. વિશ્વની સૌથી મોટી વસ્તી ધરાવતા આ દેશે પર્યાપ્ત સંખ્યામાં નોકરીઓ પેદા કરવા માટે વાર્ષિક ૮ થી ૮.૫ ટકાના દરે આર્થિક વૃદ્ધિ પ્રાપ્ત કરવી પડશે. આ વાત રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના પૂર્વ ગવર્નર રઘુરામ રાજને કહી છે. રઘુરામ રાજને ચીનની રાજધાની બેઈજિંગમાં વીડિયો લિંક દ્વારા પોતાના સંબોધનમાં કહ્યું હતું કે દેશની વસ્તીની જરૂરિયાતો અને રોજગારની આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે ભારત ૮ થી ૮.૫ ટકાના દરે વૃદ્ધિ કરે તે જરૂરી છે. એક રિપોર્ટ અનુસાર વર્તમાન ૬ થી ૬.૫ ટકાનો આર્થિક વિકાસ દર અન્ય દેશોની સરખામણીએ સારો દેખાય છે. પરંતુ આર્થિક વિકાસની ગતિ આપણને જોઈતી નોકરીઓની સંખ્યાના સંબંધમાં ધીમી છે. રઘુરામ રાજને કહ્યું કે આપણા દેશમાં યુવાનોની મોટી વસ્તી છે જેને રોજગારની જરૂર છે. આરબીઆઈના પૂર્વ ગવર્નરે કહ્યું કે ભારત માટે ચીન અને વિયેતનામ જેવી મેન્યુફેક્ચરિંગ સત્તાઓ સાથે સ્પર્ધા કરવા માટે તેના કર્મચારીઓને વધુ સારી રીતે તૈયાર કરવા ખૂબ જ મહત્વપૂર્ણ છે. ભારતમાં આઈફોનના ઉત્પાદનને ટાંકીને તેમણે કહ્યું કે ભારત વેલ્યુ ચેઈનને સુધારવામાં વ્યસ્ત છે અને તેના પરિણામો પણ દેખાઈ રહ્યા છે. પરંતુ મોબાઈલ હેન્ડસેટના સંપૂર્ણ ઉત્પાદનના સંદર્ભમાં ભારતે હજુ લાંબી મજલ કાપવાની છે. તેમણે કહ્યું કે ચીપ મેન્યુફેક્ચરિંગમાં ચીનની નવીનતા ઉત્તમ છે જેમાં ભારત ઘણું પાછળ છે.



### ન્યૂઝ બ્રિફ

### તેલંગણાના મંત્રી કે.ટી. રામારાવ પ્રચાર વાહનની રેલિંગ તૂટતાં પડ્યા



। હૈદ્રાબાદ, તા.૧૦ ।

તેલંગાણામાં ૩૦ નવેમ્બરે યોજાનાર ચૂંટણી માટે પ્રચાર જોરશોરથી ચાલી રહ્યું છે. આ દરમિયાન સત્તાધારી પાર્ટી ભારત રાષ્ટ્ર સમિતિ (બીઆરએસ) ના કાર્યકારી અધ્યક્ષ અને રાજ્ય સરકારમાં મંત્રી કે.ટી.રામારાવ (કેટીઆર) એક દુર્ઘટનાનો શિકાર થઈ ગયા. અહીં નિઝામાબાદ જિલ્લાના આર્મૂર વિસ્તારમાં રોડ શો દરમિયાન ચૂંટણી પ્રચાર વાહનનો રેલિંગ તૂટતાં તેઓ હેઠાં પડ્યા હતા. જેમાં તેમનો આબાદ બચાવ થયો હતો. અહેવાલ અનુસાર કેટીઆરને આ દુર્ઘટનામાં સામાન્ય ઈજાઓ થઈ હતી.

### ન્યુયોર્કમાં વિશ્વનું સૌ પ્રથમ આઈ ટ્રાન્સપ્લાન્ટ કરાયું

। ન્યુયોર્ક, તા.૧૦ ।

અમેરિકાના ન્યુયોર્ક શહેરમાં દુનિયાનું સૌ પ્રથમ આઈ ટ્રાન્સપ્લાન્ટ કરાયું છે. ડૉક્ટર્સની ટીમે પહેલીવાર કોઈ માનવીની સંપૂર્ણ આંખોનું પ્રત્યારોપણ કર્યું હતું. આ ઓપરેશને આશરે ૨૧ કલાક સુધી ચાલ્યું હોવાની માહિતી અપાઈ છે. ઓપરેશન બાદ દુનિયાને તેના વિશે માહિતી આપવામાં આવી હતી. આ ટ્રાન્સપ્લાન્ટને એક મોટી સિદ્ધી માનવામાં આવી રહી છે પરંતુ હજુ એ ન કહી શકાય કે દર્દીની આંખની રોશની પાછી આવશે કે નહીં?

### ઓક્ટો.માં દેશમાં પેસેન્જર વાહનોના વેચાણમાં ૧૫.૯ ટકાનો વધારો થયો

। નવી દિલ્હી, તા.૧૦ ।

દેશમાં વાહનોના વેચાણમાં ધરખમ વધારો થયો હોવાનો રિપોર્ટ સામે આવ્યું છે. રિપોર્ટ સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરર્સ (સિયામ)એ આજે ઓક્ટોબર-૨૦૨૩માં કુલ વાહનોના વેચાણનો ડેટા જાહેર કર્યો છે. સિયામના ડેટા મુજબ ઓક્ટોબર-૨૦૨૩માં પેસેન્જર વાહનો, થ્રી-વ્હીલર્સ, ટુ-વ્હીલર અને ક્વાડ્રિસાઈકલનું કુલ ઉત્પાદન ૨૬,૨૧,૨૪૮ યુનિટ નોંધાયું છે.

### દિલ્હી એનસીઆરમાં પ્રદુષણ મામલે ફરી સુનાવણી

## પંજાબમાં અનાજનો પાક લેવાનું કેમ અટકાવવામાં આવતો નથી

### પંજાબમાં પાણીના ઘટતા સ્તરથી પણ ચિંતા, અનાજનો પાક પોતે જ તબક્કાવાર બંધ કરવો જોઈએ : સુપ્રીમ કોર્ટ

। નવી દિલ્હી, તા.૧૦ ।



દિલ્લી એનસીઆરમાં પ્રદુષણ મામલે ફરી એકવાર શુકવારે સુપ્રીમ કોર્ટમાં સુનવણી થઈ હતી. જેમાં કોર્ટે કહ્યું કે પ્રદુષણ માટે પંજાબ અને હરિયાણામાં સળગાવવામાં આવી રહેલ પરાળ પણ જવાબદાર છે.

આ ઉપરાંત પંજાબમાં જયારે પરાળ સળગાવવાના વધુ કિસ્સા સામે આવ્યા ત્યારે કોર્ટે સલાહ આપી કે અનાજનો પાક લેવાનું જ કેમ અટકાવવામાં આવતો નથી. બેન્ચે કહ્યું કે તેઓ પંજાબમાં પાણીના ઘટતા સ્તરથી પણ ચિંતિત છે. આ કટોકટીનો સામનો કરવા માટે જરૂરી છે કે અનાજનો પાક પોતે જ તબક્કાવાર બંધ કરવો જોઈએ. આ ઉપરાંત અદાલતે કહ્યું હતું કે પંજાબમાં પાણીનું સ્તર ઘટતું રહે છે ત્યારે એમને નથી ઈચ્છતા કે પંજાબ પણ એક રણ બની જાય, એટલા માટે જરૂરી છે કે ધીમે ધીમે કરીને અનાજનો પાક લેવાનું જ બંધ કરવામાં આવે. આથી અનાજના બદલે જાડું અનાજ એટલે કે બાજરો, રાગી, જુવાર, કંગની, કુટકી, કોદો, સુવા, ચણા, જવ વગેરેનું ઉત્પાદન વધારવું જોઈએ.

### ભારતના વધુ એક દુશ્મનનો પાકિસ્તાનમાં ખાત્મો

## લશ્કર-એ-તૌયબાના આતંકી અકરમ ગાઝીને ઠાર મરાયો

। નવી દિલ્હી, તા.૧૦ ।



પાકિસ્તાનના બાજૌરમાં ગુરુવારે લશ્કર-એ-તૌયબાના ભૂતપૂર્વ નેતા અકરમ ખાન ઉર્ફે અકરમ ગાઝીની અજાણ્યા હુમલાખોરો દ્વારા ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આતંકવાદી અકરમ ગાઝીએ ૨૦૧૮ થી ૨૦૨૦ દરમિયાન લશ્કરની ભરતી સેલનું નેતૃત્વ કર્યું હતું. ઉપરાંત તે પાકિસ્તાનમાં તેમના ભારત વિરોધી ભાષણો માટે જાણીતો હતો. તે ભારત વિરુદ્ધ ઉગ્રવાદી ગતિવિધિઓમાં સામેલ હતો. તે આતંકવાદીઓની ભરતી માટે જવાબદાર હતો. કાશ્મીરમાં આતંકવાદીઓને ઘૂસાડવામાં તેની મહત્વની ભૂમિકા હતી.

ગાઝીની હત્યા પાછળ સ્થાનિક હરીફો અને લશ્કરમાં આંતરિક સંઘર્ષ હોવાનું માનવામાં આવે છે. પાકિસ્તાની એજન્સીઓ ગાઝીની હત્યાની તપાસ કરી રહી છે. છેલ્લા બે વર્ષમાં અકરમ ખાન ઉર્ફે અકરમ ગાઝીએ કાશ્મીર ખીણમાં ઘૂસણખોરી કરવામાં યુવાનોના કેટલાય જૂથોને મદદ કરી હતી.

આ સિવાય તે ઘણા આતંકવાદીઓને કટ્ટરપંથી બનાવવા માટે જવાબદાર હતો. અગાઉ પાંચ નવેમ્બરના રોજ ૨૦૧૮ના સુંજવાન આતંકવાદી હુમલાના માસ્ટરમાઈન્ડમાંના એક ખ્વાજા શાહિદનું જમ્મુ અને કાશ્મીરમાં અપહરણ કરવામાં આવ્યું હતું. અપહરણ બાદ પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં નિયંત્રણ રેખા નજીક તેનું માથું કપાયેલુ મળી આવ્યું હતું.

### દિલ્હી-એનસીઆરના વિસ્તારમાં રહેતા લોકોને મોટી રાહત

## દિલ્હી-નોઈડામાં ઝરમર ઝરમર વરસાદથી પ્રદૂષણનું સ્તર ગગડ્યું

### દિલ્હીના ઘણાં ખરા વિસ્તારોમાં એક્યુઆઈ લેવલ ૪૦૦થી ગગડીને સીધો ૧૦૦ સીધો પહોંચી ગયો

। નવી દિલ્હી, તા.૧૦ ।



દિવાળીથી પહેલા હવામાનમાં એકાએક પલટો આવતાં દિલ્હી-એનસીઆરના વિસ્તારમાં રહેતા લોકોને મોટી રાહત મળી. દિલ્હી-નોઈડાના અનેક વિસ્તારોમાં રાતે ઝરમર વરસાદને લીધે એકાએક પ્રદૂષણનું સ્તર ગગડી ગયું. આ સાથે જ તાપમાનમાં પણ ઘટાડો થયો હતો. દિલ્હીના ઘણાં વિસ્પરોમાં એક્યુઆઈ લેવલ ૪૦૦થી ગગડીને સીધો ૧૦૦ સીધો પહોંચી ગયો હતો. માહિતી અનુસાર હવામાન વિભાગે જણાવ્યું કે દિલ્હીના બવાના, કંઝાવલા, મુંડાકા, જાફરપુર, નજફગઢ, નોઈડા અને ગ્રેટર નોઈડામાં વરસાદ પડ્યો હતો. આઈએમડીના અહેવાલ અનુસાર બહાદુરગઢ, ગુરુગ્રામ, માનેસર સહિત ઘણા વિસ્તારો ભિંજાયા હતા. તેની સાથે જ હરિયાણાના રોહતક, ખરખૌદા, મટ્ટનહેલ, ઝઝ્ઝર, ફરુખનગર, કોસલીની આજુબાજુના વિસ્તારોમાં પણ આજે વરસાદ થવાના સંકેત મળી રહ્યા છે જેનાથી પ્રદૂષણથી મોટાપાયે રાહત મળવાના સંકેત છે. હવામાન વિભાગે જણાવ્યું કે ગુરુવારે મોડી રાતે દક્ષિણ-પશ્ચિમ્ દિલ્હી, એનસીઆર (ગુરુગ્રામ)ની સાથે હરિયાણાના જુદા જુદા સ્થળોએ વરસાદ નોંધાયો હતો.


### હીરો મોટોકોર્પના સીએમડીની મુશ્કેલીમાં વધારો

## ઈડીએ પવન મુંજાલની દિલ્હીમાં 3 સ્થાવર મિલ્કતો જપ્ત કરી

### ઈડીની કાર્યવાહી મની લોન્ડરિંગ કેસની ચાલતી તપાસ સાથે સંબંધિત હોવાનું કહેવાય છે, સંપત્તીની કિંમત ૨૫ કરોડ

। નવી દિલ્હી, તા.૧૦ ।

ઓટોમોબાઈલ કંપની હીરો મોટોકોર્પના સીએમડી અને ચેરમેન પવન મુંજાલની મુસીબતો વધુ વધી ગઈ છે. ઈડીએ દિલ્હીમાં તેની ૩ સ્થાવર મિલકતો જપ્ત કરી છે, જેની કિંમત લગભગ ૨૫ કરોડ રૂપિયા છે. ઈડીની આ કાર્યવાહી મની લોન્ડરિંગ કેસની ચાલી રહેલી તપાસ સાથે સંબંધિત હોવાનું કહેવાય છે. હીરા મોટોકોર્પના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર પવનકાંત મુંજાલ સામે ઈડી પહેલેથી જ મની લોન્ડરિંગ કેસની તપાસ કરી રહી છે. ઈડીએ કહ્યું કે મિલકત જપ્ત કરવાની તાજેતરની કાર્યવાહી એ જ તપાસનો એક ભાગ છે. તાજેતરની કાર્યવાહીમાં, ઈડીએ દિલ્હીમાં સ્થિત ત્રણ મિલકતો જપ્ત કરી છે, જેની સંયુક્ત કિંમત ૨૪.૯૫ કરોડ રૂપિયા છે. આ પહેલા પણ પવન મુંજાલની કેટલીક



મિલકતો જપ્ત કરવામાં આવી છે. અત્યાર સુધીમાં તેની કુલ ૫૦ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરવામાં આવી છે. અગાઉ ૧ ઓગસ્ટના રોજ પણ ઈડીએ પવન મુંજાલની કેટલીક મિલકતો જપ્ત કરી હતી. તે કાર્યવાહીમાં પવન મુંજાલ અને કંપનીના કેટલાક અન્ય અધિકારીઓની લગભગ ૨૫ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરવામાં આવી હતી.

### બાંદ્રા-વરલી સી લિંક પરના ટોલ પ્લાઝા પર અકસ્માત

## મુંબઈમાં પૂર ઝડપે જતી કારને અકસ્માતમાં ત્રણનાં મોત થયા

### કારે ટોલ પ્લાઝા પાસે પાર્ક ૬ વાહનોને ટક્કર મારી, અકસ્માત એટલો ગંભીર હતો કે વાહનોનો બુકડો બોલી ગયો હતો

। મુંબઈ, તા.૧૦ ।

મુંબઈમાં ગઈકાલે રાતે બાંદ્રા-વરલી સી લિંક પરના ટોલ પ્લાઝા પર એક પુરપાટ ઝડપે આવી રહેલી કારે ભયાનક અકસ્માત સર્જ્યો હતો જેમાં ત્રણ લોકોના મોત થયા છે જ્યારે ૬ લોકો ઘાયલ થયાના અહેવાલ મળી રહ્યા છે. મુંબઈમાં બાંદ્રા-વરલી લિંક રોડ પર ગઈકાલે એક



ભયાનક અકસ્માત સર્જાયો હતો, જેમાં એક પુરપાટ ઝડપે આવી રહેલી કારે ટોલ પ્લાઝા પાસે પાર્ક કરેલા ૬ વાહનોને ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ગંભીર હતો કે વાહનોનો બુકડો બોલી ગયો હતો. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ આ અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા છે જ્યારે ૬ લોકો ઘાયલ થયા છે જેને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસ દ્વારા આપવામાં આવેલી પ્રાથમીક માહિતી અનુસાર ગઈકાલે રાત્રે ૧૦.૦૦ વાગ્યે સી લિંક પર ટોલ પ્લાઝાથી માત્ર ૧૦૦ મીટર પહેલા આ અકસ્માતની ઘટના બની હતી. પોલીસે કહ્યું હતું કે રાત્રે બાંદ્રા તરફ જઈ રહેલી એક હાઈસ્પીડ કાર અનેક વાહનો સાથે અથડાઈ હતી. ડીસીપીએ જણાવ્યું કે ઘાયલોમાંથી ચારની હાલત સ્થિર છે.





સંતરામપુર જિલ્લા અને તાલુકાઓ દરેક ગ્રામ્ય વિસ્તારોમાં પત્રકારો નિમવાના છે સંપર્ક કરો



સંતોષકુમાર જોષી
મો.63550 761743



સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CNN CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

LIVE cnngujarat.co.in



આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

# પાકિસ્તાનની જેલમાં બંધ ગુજરાતના ૮૦ માછીમારોને મુક્ત કરાયા

| અમદાવાદ, તા.૧૦ |

દિવાળી આવતા પાકિસ્તાનની જેલમાં બંધ ભારતીય માછીમારોને પણ મળ્યા ખુશીના સમાચાર. તેમના પરિવારોની પણ લાંબા સમયથી જોવાતી આતુરતાનો આવ્યો અંત. દિવાળીના તહેવાર સમયે પાકિસ્તાનની જેલમાં બંધ માછીમારોને જેલમુક્ત કરવાનો નિર્ણય લેવાયો. જેને પગલે પાકિસ્તાનની જેલમાં બંધ ગુજરાતના ૮૦ માછીમારોના પરિવારોની દિવાળી સુધરી ગઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ, પાકિસ્તાનની જેલમાં કેદ ૮૦ ગુજરાતી માછીમારોને પાકિસ્તાને મુક્ત કર્યા હતા. બુધવારના રોજ ૮૦ માછીમારોને પાકિસ્તાને મુક્ત કર્યા હતા આ માછીમારો ૧૦ નવેમ્બરના વાઘા બોર્ડર પર પહોંચશે જ્યાંથી તમામને ટ્રેન મારફતે વેરાવળ લાવવામાં આવશે. જોકે હજુ ૧૪૩ ભારતીય માછીમારો પાકિસ્તાનની જેલમાં કેદ છે. આ તમામ ૮૦ ભારતીય માછીમારો પાકિસ્તાનની જેલમાં ૨૦૨૧થી કેદ હતા.માછીમારોની વાત કરીએ તો ગીર સોમનાથ જિલ્લાના ૫૯, દેવભૂમિ દ્વારકાના ૧૫, જામનગરના ૦૧, અમરેલીના ૦૨, દીવના ૦૩ માછીમારોને પાકિસ્તાને મુક્ત કર્યા હતા.

### ઉનાળામાં AMTSના મુસાફરોને નહીં લાગે ગરમી

# અમદાવાદ ટ્રાન્સપોર્ટ કમિટીએ નવી 100 AC બસોને મંજૂરી આપી

| અમદાવાદ, તા.૧૦ |

મેટ્રોસિટીઅમદાવાદમાંદરરોજના હજારો લોકો છસ્જીમાં મુસાફરી કરે છે. આ તરફ હવે દિવાળીના તહેવારો વચ્ચે અમદાવાદીઓ માટે એક મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, અમદાવાદ ટ્રાન્સપોર્ટ કમિટીએ ઉનાળામાં AMTSની મુસાફરી કરતાં લોકોને ગરમી ન લાગે તે માટે એક મોટો નિર્ણય કર્યો છે. જે મુજબ અમદાવાદ ટ્રાન્સપોર્ટ કમિટીએ નવી ૧૦૦ છઝ્ર બસોને મંજૂરી આપી છે.

અમદાવાદ શહેરમાં લોકોને મુસાફરીમાં સરળતા રહે તે માટે AMTS સિટીબસની સેવા યથાવત છે. જોકે હવે દિવાળીના તહેવારો વચ્ચે



અમદાવાદીઓ માટે એક આનંદદાયક સમાચાર સામે આવ્યા છે. જે મુજબ હવે આગામી ઉનાળામાં AMTSની મુસાફરી કરતાં લોકોને ગરમીથી મુક્તિ મળશે. એટલે કે અમદાવાદ ટ્રાન્સપોર્ટ કમિટીએ નવી ૧૦૦ AC બસોને મંજૂરી આપી દીધી છે.

જે અંતર્ગત માતેશ્વરી અને ચાર્ટર્ડ સર્વિસને આ કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. જેથી હવે આગામી ૩ મહિનામાં છઝ્ર બસો શરૂ કરવાનું આયોજન છે.

# ઉમલ્લા ગામે ગ્રાહકના સ્વાંગમાં આવેલો ગઠિયો સોનાની ચેઇન લઇ ભાગ્યો

| ભરૂચ, તા.૧૦ |

ઝઘડિયા તાલુકાના ઉમલ્લા ગામે ચોરીનો વિચિત્ર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ઉમલ્લાના મુખ્ય બજારમાં નવરાત્રી ચોક ખાતે જવેલર્સની દુકાનમાં સોનાની ચેઈનની ચોરી થઈ છે. આ ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગ્રાહકના સ્વાંગમાં એક ગઠિયો સોનાની ચેઈનની ખરીદી કરવા જવેલર્સની દુકાનમાં ગયો હતો. એક તોલાની સોનાની ચેઈન લઈ તપાસવા અને પહેરીને જોવાનો તેણે ડોળ કર્યો હતો. જવેલર્સના કાઉન્ટરની સામેની તરફ લાગેલી દિવાલના અરીસામાં ચેઈન જોવાના બહાને તે સોનીની દુકાનના શટર તરફ ગયો હતો જે તક મળતા સોનીને ચેઈન લઈ ભાગી ગયો હતો.

### લોકોનો ધસારો થતાં તેને પહોંચી વળવા એસટી વિભાગ દ્વારા નિર્ણય લેવાયો

# દિવાળીના તહેવારોને અનુલક્ષીને વડોદરાથી વધારાની એસટી બસો દોડાવવાનું આયોજન

### તા.૧૧ થી ૧૪ સુધી તહેવારોના દિવસો હોવાથી ૪૫ માંથી ૮૫ વધારાની બસ દોડાવવા આયોજન કરાયું છે

| વડોદરા, તા.૧૦ |

દિવાળીના તહેવારોને અનુલક્ષીને બહારગામ વતનમાં પોતાના સ્વજનો સાથે દિવાળીની ઉજવણી કરવા લોકો એ એસટી બસો દ્વારા જવાની શરૂઆત કરી દીધી છે, અને સેન્ટ્રલ એસ.ટી બસ સ્ટેશન પર લોકોનો ધસારો થતાં તેને પહોંચી વળવા એસટી વિભાગ દ્વારા વધારાની એસટી બસો દોડાવવાની શરૂઆત કરી છે. વડોદરા થી અમદાવાદ, દાહોદ, ગોધરા, છોટાઉદેપુર, લુણાવાડા તેમજ ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર તરફ જવા લોકોનો ધસારો વધુ હોય છે. જેને ધ્યાનમાં રાખીને તારીખ ૧૦ સુધી વડોદરા બસ સ્ટેશનથી વધારાની ૪૫ બસ દોડાવવાનું આયોજન કર્યું છે. આમ તો રોજની ૮૫ બસ દોડે છે એ ઉપરાંત આ વધારાની બસ છે .તારીખ ૧૧ થી ૧૪ સુધી તહેવારોના દિવસો હોવાથી ૪૫ માંથી ૮૫ વધારાની બસ દોડાવવા આયોજન કરાયું છે. જેથી કરીને મુસાફરોના ધસારાને પહોંચી વળી શકાય. તહેવાર પૂરો થયા બાદ તારીખ ૧૫ થી ૧૯ સુધી ટ્રાફિક થોડો ઓછો થશે છતાં પણ વધુ ૪૫ બસ ચાલુ રાખવામાં આવશે.

# ગુજરાત સરકારે આંગણવાડીમાં મોટી ભરતીની જાહેરાત કરી

| અમદાવાદ, તા.૧૦ |

રાજ્યમાં આંગણવાડીમાં કાર્યકર અને તેડાગરની ભરતીને લઈ મોટા સમાચાર સામે આવ્યા છે. જે અનુસાર રાજ્યમાં ૧૦,૦૦૦ થી વધુ જગ્યાઓ માટે અરજી મંગાવવામાં આવી રહી છે. એટલે કે ૧૦,૦૦૦ થી વધુ જગ્યા ભરવામાં આવશે અને આ અંગે ઓનલાઈન અરજી કરવાની શરૂઆત આજે ૮ નવેમ્બર રાત્રે ૧૨:૦૦ વાગ્યાથી શરૂ થવા જઈ રહી છે જે ૩૦ નવેમ્બર સુધી કરી શકાશે.રાજ્યમાં ૫૩૦૦૦ આંગણવાડી આવેલી છે. જેમાં વર્ષે કુલ દસ હજારથી વધુ ભરતી થશે. સરકારના સ્ત્રી અને બાળ વિકાસ વિભાગ દ્વારા આંગણવાડીમાં સુપરવાઈઝર સહાયક સહિતનાઓની અરજી મંગાવવામાં આવી રહી છે રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલ ભરતી અનુસાર વાત કરવામાં આવે તો આંગણવાડી કાર્યકર ની ૩૦૦૦ જગ્યાઓ અને ૭૦૦૦ જગ્યાઓ પણ આંગણવાડી તેડાગરની ભરતી કરવામાં આવશે.

### હવાલાથી વિદેશમાં પૈસા મોકલતા

# સુરત ખાતે ફાઉન્ડેશન અને આંગડિયા પેઢી પર EDના દરોડા

| સુરત, તા.૧૦ |

દિવાળીના તહેવાર પહેલાં જ સુરતમાં ઈડીએ સપાટો બોલાવ્યો છે. ઈડીની ટીમે આજે વહેલી સવારે જ સુરતમાં મેગા સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જે અંતર્ગત સુરતના ઢુમસ રોડ અને તેની આસપાસના વિસ્તારો સહિત સમગ્ર સુરતમાં વિવિધ સ્થળોએ તપાસનો ધમધમાટ તેજ કર્યો હતો. ઈડીને ટીમે સુરતમાં ફાઉન્ડેશન અને આંગડિયા પેઢી પર દરોડા પાડી તપાસ હાથ ધરી છે. જ્યા ઈડીએ ૧ કરોડની રોકડ રકમ પણ જપ્ત કરી છે.

ઈડીએ દરોડા પાડ્યા બાદ તપાસમાં એવી પણ માહિતી સામે આવી છેકે, હવાલાથી વિદેશમાં રૂપિયા મોકલવાનું કૌભાંડ ચાલતું હતું. આ સમગ્ર રેકેટનો ઈડીએ પર્દાફાશ કર્યો છે. તપાસમાં હવાલાથી વિદેશમાં પૈસા મોકલતા હોવાનો તપાસમાં ખુલાસો થયો છે. જે અંતર્ગત આ કેસમાં ૧ કરોડ રૂપિયાથી વધુ રોકડ રકમ જપ્ત કરવામાં આવી.

સુરતમાં ઈડીની ટીમે આજે વહેલી સવારે દરોડા પાડ્યાં હતાં. ઈડીની ટીમ દ્વારા સુરત શહેરમાં સાત અલગ અલગ જગ્યાઓ પર દરોડા પાડવામાં આવ્યાં હતાં. ઓજસ્વી ફાઉન્ડેશ સાથે સંકળાયેલી ૭ જગ્યાઓ પર ઈડીની ટીમ દ્વારા દરોડા પાડવામાં આવ્યાં. જ્યાંથી ઈડીએ ૧ કરોડથી વધુ રોકડ રકમ જપ્ત કરી લીધી છે. આ ઉપરાંત એચ.વી. અને પી.એમ. આંગળિયા પેઢીમાં પણ ઈડીની ટીમો દ્વારા તપાસ હાથ ધરાઈ છે.

### નવી પશુ પોલિસી અંગે પશુપાલકોમાં ઉદાસીનતા

# સુરત : પાલિકાએ એક અઠવાડિયામાં ૫૦૦થી વધુ રખડતા ઢોર ડબ્બે પુર્યા

### પાલિકાએ ૫૬ હજાર પશુમાંથી ૫૨ હજાર જેટલા પશુ માં આર.એફ.આઈ.ડી. લગાવી હવે પશુ દીઠ ૨૦૦ રૂપિયા લઇ આર.એફ.આઈ.ડી. લગાવાશે

| સુરત, તા.૧૦ |

ગુજરાત સરકારે રખડતા પશુઓ નો ત્રાસ દુર કરવા માટે બનાવેલી નવી ના અમલ માટે સુરત પાલિકા તૈયારી કરી રહી છે તો બીજી તરફ સુરત પાલિકા વિસ્તારના પશુપાલકો આ પોલીસી માટે ઉદાસીન જોવા મળી રહ્યાં છે. પશુ રાખવાના નિયમો કડક બનાવ્યા હોવાથી અત્યાર સુધીમાં માત્ર ૨૬ જ ફોર્મનું વિતરણ પાલિકાના સિટી સિવિક સેન્ટર પરથી થયું છે. જોકે, પાલિકા આ પોલીસી નો અમલ કરવા મક્કમ છે પોલિસી જાહેર કર્યાના ૯૦ દિવસ બાદ પાલિકા અમલ કરવાનું શરૂ કરશે

રખડતા પશુ પર નિયંત્રણ માટે કોર્ટના આદેશ બાદ સુરત પાલિકાએ કડક કામગીરી શરૂ કરી છે. પાલિકા એ છેલ્લા એક અઠવાડિયામાં રસ્તા પર રખડતા ૫૦૦થી વધુ પશુ ઝડપીને પાંજરાપોળમાં મોકલી આપ્યા છે. શહેરમાં ૫૬ હજાર પશુ હોવાનો અંદાજ છે તેમાંથી પાલિકાએ વિના મુલ્યે ૫૨ હજાર પશુ માં આર.એફ.આઈ. ડી. લગાવી દીધી છે. હવે જે બાકી પશુ છે તેના માટે પાલિકા બસો રુપિયા વસૂલીને ચીપ લગાવશે.

૧ નવેમ્બરથી નવી પોલિસી જાહેર કરાયા બાદ સુરત પાલિકા વિસ્તારમાં રાખવામા આવતા પશુ ના રજીસ્ટ્રેશન માટે પાલિકાએ સીટી સિવિક સેન્ટર પરથી વિના મુલ્યે ફોર્મ વિતરણ શરૂ કર્યું છે પરંતુ એક અઠવાડિયાનો સમય પૂરો થયો હોવા છતાં હજી સીટી સિવિક સેન્ટર પરથી માત્ર ૨૬ ફોર્મનું જ વિતરણ થયું છે.

### હિરાના કારખાનામાં ચોરીનો કિસ્સો

# મેનેજરે જ કારખાનામાં કરી ૪.૩૦ લાખની ચોરી, પોલીસે કરી ધરપકડ

### કાર્યવાહી હાથ ધરતા માલિક ફરીયાદી પ્રેમજીભાઈ સાથે કરેલી ઉંડાણપૂર્વકની વાતચીત તપાસ બાદ ચોરીનો ભેદ ઉકેલાયો હતો

| બોટાદ, તા.૧૦ |

બોટાદના મહાજન વાડી વિસ્તારમાં હિરાના કારખાનામાં થોડા દિવસ પહેલા રૂપિયા સાડા ચાર લાખ જેટલી રોકડ રકમની ચોરી થયાની ઘટના બની હતી. આ ચોરીના પગલે કારખાનેદાર માલિકે પોલીસ ફરિયાદ નોંધાવી હતી, ત્યારે બોટાદ પોલીસે સઘન તપાસ હાથ ધરતા બોટાદ પોલીસે ગણતરીની કલાકોમાં ચોરીનો ભેદ ઉકેલીયો અને કારખાનાનો મેનેજરે ચોરી કર્યાનું બહાર આવતા પોલીસે મેનેજરની ધરપકડ કરી ચોરી કરેલ રૂપિયા રીકવર કર્યા હતા.

બોટાદ શહેરનાં મહાજન વાડી વિસ્તારમાં પ્રેમજીભાઈના હિરાના કારખાનામાં બે દિવસ પહેલા રોકડા સાડા ચાર લાખ રૂપિયાની ચોરી થયાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો, જેથી કારખાનાના માલિક પ્રેમજીભાઈએ પોલીસને જાણ કરી હતી અને અજાણ્યા શખ્સ વિરૂદ્ધ ચોરીની ફરિયાદ નોંધાવી હતી.બોટાદ પોલીસે ફરીયાદના પગલે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો અને કાર્યવાહી હાથ ધરતા માલિક ફરીયાદી પ્રેમજીભાઈ સાથે કરેલી ઉંડાણ પૂર્વકની વાતચીત તપાસ બાદ ચોરીનો ભેદ ઉકેલાયો હતો. બોટાદ પોલીસની પૂછપરછમાં કારખાનામાં મેનેજર તરીકે ફરજ બજાવતા મહેશ નામના શખ્સ પર શંકા જતા પોલીસે મહેશની ઉલટ તપાસ કરતા મહેશ ભાંગી પડયો હતો અને પોપટની જેમ પોતે ચોરી કરી હોવાનું કબૂલ્યું હતું અને મહેશે જણાવ્યું હતું કે આર્થિક સંકડામણના કારણે પોતે ચોરી કર્યાની કબુલાત કરી હતી.

### ગુજરાતમાં ભેળસેળિયા તત્વો બેફામ બન્યા

# ભેળસેળિયાઓનો રિપોર્ટ આવે ત્યાં સુધીમાં લાખોનો વેપાર થયો

### લોકોના આરોગ્ય સાથે ચેડા થાય તો તેના માટે જવાબદાર કોણ તેવો સવાલ થઈ રહ્યો છે બીજી તરફ ફૂડ સેફ્ટી ઓન વ્હીલ લેબ છે જે ધૂળ ખાઈ રહી છે

| ગાંધીનગર, તા.૧૦ |

ગુજરાતમાં ભેળસેળિયા તત્વો બેફામ બની ગયા છે તહેવારોની મોસમમાં નકલી અને ભેળસેળ નું હબ બની ચૂકેલા ગુજરાતમાં લાલચી વેપારીઓ અને ઉત્પાદકો સામે કડક હાથે કામ લેવા ફૂડ સેફટી અને સ્ટાન્ડર્ડ ઓર્થો ઈન્ડિયા સૂચના આપી છે પરિણામે રાજ્યના ફુડ વિભાગના અધિકારીઓ કામે લાગી ગયા છે દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે નકલી ઘી નકલી, નકલી હળદર, નકલી માવો, નકલી મરચાનો જથ્થો પકડવાની સાથે મિલાવટી ખાદ્ય પદાર્થોના નમુના લેબોરેટરીમાં મોકલ્યા બાદ ૧૪થી ૧૫ દિવસે પરિણામો આવે છે. જોકે, ત્યાં સુધીમાં તો મીઠાઈ હોય કે ફરસાણ તેનો લાખોનો વેપાર થઈ જાય છે,જયારે રાજય સરકાર દવારા કરોડોના ખર્ચ વસાવેલી ફૂડ ટેસ્ટિંગ લેબોરેટરી ઓન વ્હીલ ઉપયોગ થતો નથી. આ તમામ વાહનો સરકારી કચેરી સામે ધૂળ ખાઈ રહ્યા છે. કેન્દ્રીય એજન્સી દ્વારા લોટ, મીઠાઈ, દૂધ ,દૂધની બનાવટો તળેલા ફરસાણ ઘી અને પનીર જેવી ચીજોમાં થતી ભેળસેળ રોકવા વિશિષ્ટ ડ્રાઈવ શરૂ કરવાની રાજ્યોને સૂચના આપી હતી, પરિણામે ગુજરાત રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર પાસે સ્ટાફની કમી હોવાથી રાજયભરમાં છાપા મારી શકાતા નથી. એજન્સીએ રાજ્યભરમાંથી છૂટક મીઠાઈ પર ફરજિયાત તારીખ લખવાનું આદેશ કર્યો છે રાજ્ય સરકારે એવા વેપારી કે ઉત્પાદકો જે તારીખો નથી લખતા તેમની સામે કડક હાથે કામ લેવા જણાવ્યું છે.

## વિશેષ

### જિલ્લાના શ્રમિકબંધુઓને શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો મહત્તમ લાભ લેવા અનુરોધ કરતા જિલ્લા કલેક્ટર કે.એલ. બચાણી

# જિલ્લા કલેક્ટર અને માતર ધારાસભ્યની ઉપસ્થિતિમાં શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો







સમગ્ર રાજ્યભરમાં આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત કુલ ૧૫૫ નવા ભોજન કેન્દ્રોનો પ્રારંભ થયો છે ત્યારે ખેડા જિલ્લામાં કલેક્ટર શ્રી કે.એલ.બચાણી અને માતર ધારાસભ્ય શ્રી કલ્પેશ પરમારની ઉપસ્થિતિમાં શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ આંબેડકર હોલ, પીજ રોડ, નડિયાદ ખાતે યોજાયો. જેમાં શિક્ષણ સહાય, પ્રસુતિ સહાય, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજનાના લાભાર્થીઓને ચેક વિતરણ કરવામાં આવ્યા હતા. ઉપરાંત કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ શ્રમિકોને ટિફિન અને બેગ વિતરણ કરવામાં આવ્યું હતું. શ્રમિક અન્નપ ૂર્ણા યોજના અંતર્ગત ખેડા જિલ્લામાં કુલ ૦૪ ભોજન વિતરણ કેન્દ્રોનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. જેમાં નડિયાદમાં સંતરામ મંદિર ખાતે મહુધા ધારાસભ્યશ્રી સંજયસિંહ મહીડા, વૈશાલી સિનેમા પાસે માતર ધારાસભ્ય શ્રી કલ્પેશભાઈ પરમાર અને પારસ સર્કલ ખાતે નડિયાદ નગરપાલિકા પ્રમુખ શ્રી કિન્નરીબેન શાહ તથા ખેડા બસ સ્ટેન્ડ ખાતે મહેમદાવાદ ધારાસભ્ય શ્રી અર્જુનસિંહ ચૌહાણના હસ્તે શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત ભોજન કેન્દ્રોનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર શ્રી કે.એલ.બચાણીએ ઉપસ્થિત સૌ શ્રમિકોને દિવાળીની શુભેચ્છાઓ આપ તા જણાવ્યું હતું કે શ્રમિક અન્નપુર્ણા યોજનાના ભોજન કેન્દ્રો થકી શ્રમિક અને તેના પરિવારને પૌષ્ટિક ભોજન સમયસર મળે એ દિશામાં કાર્ય થશે. શ્રમિકોને પોષણયુક્ત ભોજન મળતા તેમને સારું આરોગ્ય મળશે. માટે તમામ શ્રમિકોને શ્રમિક અન્નપુર્ણા યોજનાનો મહત્તમ લાભ લેવા કલેક્ટરશ્રીએ અનુરોધ કર્યો હતો. ખેડા જિલ્લામાં શ્રમિક અન્નપુર્ણા યોજના અતંર્ગત આગામી સમયમાં શ્રમિકોની જરૂરીયાત મુજબ ૫૦ શ્રમિકોના ક્લસ્ટર માટે નવા ભોજન કેન્દ્રો ઉભા કરવાની તેમણે ખાતરી આપી હતી. સાથે સાથે ઉપસ્થિત સૌ અધિકારીઓ તથા શ્રમિકોને પણ આ યોજના બાબતે કોઈ નવી કામગીરી માટે સુઝાવો આપવા અપીલ કરી હતી. નડિયાદ નગરપ ાલિકા પ્રમુખશ્રી કિન્નરીબેન શાહે આ પ્રસંગે શ્રમિક અન્નપુર્ણા યોજના ખેડા જિલ્લાના શ્રમિકો માટે લાભદાયી સાબિત થવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. નોંધનીય છે કે ગુજરાત રાજ્યના મકાન અને અન્ય બાંધકામ શ્રમિકો માટે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ – દ્વારા વર્ષ ૨૦૧૭ થી શ્રમિક અન્નપુર્ણા યોજના શરુ કરવામાં આવેલ. શ્રમિક અન્નપુર્ણા યોજના અંતર્ગત માત્ર રૂ ૫/- માં શ્રમિક તથા તેના પરિવારને પોષ્ટિક ભોજન આપવામાં આવે છે. જેમાં રોટલી, શાક, કઠોળ, ભાત, અથાણું, મરચા અને ગોળનો સમાવેશ થાય છે. વધુમાં સપ્તાહમાં એક વાર સુખડી જેવા મિષ્ટાન્નનો પણ સમાવેશ કરવામાં આવે છે. એક ભોજનમાં અંદાજીત કુલ ૬૨૫ ગ્રામ અને ૧૫૨૫ કેલેરી ભોજન આપવામાં આવે છે. ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા ઈ-નિર્માણ પોર્ટલમાં નોંધાયેલ શ્રમિકોને શ્રમિક અન્નપુર્ણા યોજનાનો લાભ અપાય છે. શ્રમિક અન્નપ ૂર્ણા યોજનાનો લાભ લેવા માટે બાંધકામ શ્રમિકે પ ોતાનું ઈ-નિર્માણ કાર્ડ લઈ, શ્રમિક અન્નપુર્ણા યોજનાના ભોજન વિતરણ કેન્દ્ર પર જવાનું થાય છે. કાર્ડમાં દર્શાવેલ ઈ-નિર્માણ નંબર અથવા ક્યુ.આર. કોડ સ્કેન કરાવી ભોજન વિતરણ કેન્દ્ર પરથી શ્રમિકને એક વ્યક્તિ દિઠ રૂ. ૫ /- માં ટોકન આપવામાં આવે છે. બાંધકામ શ્રમિકને એક ઈ-નિર્માણ કાર્ડ મારફત પોતાના પુરા પરિવાર માટે એક સમયનું ભોજન મળવા પાત્ર છે. વધુમાં જે લાભાર્થીઓ પાસે ઈ-નિર્માણ કાર્ડ ન હોય તેઓના માટે બુથ પર જ બાંધકામ શ્રમીકની હંગામી નોંધણી થાય છે અને ૧૫ દિવસ સુધી ભોજન મેળવી શકે છે. ઈ-નિર્માણ કાર્ડ ઈશ્યુ થયેથી તે કાર્ડના આધારે શ્રમિક ભોજન મેળવી શકે છે. આ કાર્યક્રમમાં માતર ધારાસભ્ય શ્રી કલ્પેશભાઈ પરમાર, નડિયાદ નગરપાલિકા પ્રમુખ શ્રી કિન્નરીબેન શાહ, મદદનીશ નિયામક શ્રી એસ.એ.ઝીંઝાલા, ઓદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, નડિયાદ, પ્રાંત અધિકારી શ્રી કે.એસ.સુમેરા, લેબર ઓફીસર શ્રી યતિનભાઈ, અગ્રણી શ્રી તેજશ પટેલ સહિત અન્ય મહાનુભાવો અને મોટી સંખ્યામાં જિલ્લાના શ્રમિકો હાજર રહ્યા હતા.

### થોડા જ પોઈન્ટથી સેમીફાઈનલ ચૂકી જશે પાક. અને અફઘાનિસ્તાન

# વર્લ્ડ કપમાં ૪૧ મેચો પછી નક્કી થઈ ટોપ-૪ ટીમો

## પાકિસ્તાન ૮ પોઈન્ટ સાથે પાંચમા અને અફઘાનિસ્તાન ૮ પોઈન્ટ સાથે છઠ્ઠા ક્રમે છે, આ પછી બહાર કરાયેલી ટીમો શરૂ થાય છે

। નવી દિલ્હી, તા.૧૦ ।

વર્લ્ડ કપ ૨૦૨૩માં ટોપ-૪ ટીમો આખરે નક્કી થઈ ગઈ છે. ગુરુવારે (૯ નવેમ્બર) રાત્રે શ્રીલંકા સામે ન્યૂઝીલેન્ડની જીત સાથે, સેમિફાઇનલની સ્થિતિ લગભગ સ્પષ્ટ થઈ ગઈ હતી. અગાઉ, ૪૦ મેચોમાં, માત્ર ત્રણ ટીમો અંતિમ ચાર માટે ટિકિટ સુરક્ષિત કરવામાં સફળ રહી હતી. ૪૧મી મેચના પરિણામ બાદ ચોથા સ્થાનનો નિર્ણય ન્યૂઝીલેન્ડે કર્યો હતો. હવે પાકિસ્તાન અને અફઘાનિસ્તાન માટે ટોપ-૪માં આવવું અશક્ય છે. કારણ કે જો આ બંને ટીમો ચોથા સ્થાને પહોંચવા માંગે છે, તો તેમને તેમની છેલ્લી મેચ અનુક્રમે ૨૮૭ અને ૪૩૮ રનથી જીતવી પડશે, જે અશક્ય છે. એકંદરે, પાકિસ્તાન અને અફઘાનિસ્તાન સેમિફાઇનલમાં ખૂબ જ નજીકથી ચૂકી ગઈ છે.



વર્લ્ડ કપ સેમિફાઈનલ ઉપરાંત ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની ક્વોલિફિકેશન માટેની રેસ પણ હતી. આ રેસ એ ટીમો વચ્ચે હતી જે પહેલાથી જ સેમીફાઈનલની રેસમાંથી બહાર થઈ ગઈ હતી. અત્યારે આ રેસમાં ઈંગ્લેન્ડ અને બાંગ્લાદેશ આગળ હોય તેવું લાગી રહ્યું છે.

તમને જણાવી દઈએ કે પોઈન્ટ ટેબલની ટોચની ૮ ટીમો જ ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ માટે ક્વોલિફાઈ કરી શકશે. યજમાન ભારત, જેણે પ્રથમ ક્વોલિફાય કર્યું છે, તે ૧૬ પોઈન્ટ સાથે ટોચના સ્થાને છે. આ પછી દક્ષિણ આફ્રિકા ૧૨ પોઈન્ટ સાથે બીજા અને ઓસ્ટ્રેલિયા ૧૨ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને છે. ભારત ઉપરાંત દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયાએ પણ ક્વોલિફાય કર્યું છે. આ પછી ચોથા સેમીફાઈનલ માટે પ્રબળ દાવેદાર ન્યુઝીલેન્ડ ૧૦ પોઈન્ટ સાથે ચોથા સ્થાન પર હાજર છે. ત્યારબાદ પાકિસ્તાન ૮ પોઈન્ટ સાથે પાંચમા અને અફઘાનિસ્તાન ૮ પોઈન્ટ સાથે છઠ્ઠા ક્રમે છે. આ પછી બહાર કરાયેલી ટીમો શરૂ થાય છે, જેમાં ઈંગ્લેન્ડ ૪ પોઈન્ટ સાથે સાતમા સ્થાને છે.

બાંગ્લાદેશ ૭ પોઈન્ટ સાથે આઠમા સ્થાને છે, શ્રીલંકા ૪ પોઈન્ટ સાથે નવમા સ્થાને છે અને નેધરલેન્ડ ૪ પોઈન્ટ સાથે ૧૦મા સ્થાને છે. નોંધનીય છે કે, ન્યૂઝીલેન્ડને જીતવા માટે ૧૭૨ રનનો ટાર્ગેટ હતો.

ન્યૂઝીલેન્ડે ૨૩.૨ ઓવરમાં ૫ વિકેટે લક્ષ્ય હાંસલ કરી લીધું હતું. શ્રીલંકાના ૧૭૧ રનના જવાબમાં બેટિંગ કરવા આવેલી ન્યૂઝીલેન્ડની શરૂઆત શાનદાર રહી હતી. ન્યૂઝીલેન્ડના ઓપનર ડ્વેન કોનવે અને રચિન રવિન્દ્રએ પ્રથમ વિકેટ માટે ૧૨.૨ ઓવરમાં ૮૬ રન જોડ્યા હતા. ડ્વેન કોનવે ૪૨ બોલમાં ૪૫ રન બનાવીને પેવેલિયન પરત ફર્યો હતો. તેણે પોતાની ઈનિંગમાં ૯ ચોગ્ગા ફટકાર્યા હતા. ડ્વેન કોનવેને દુષ્મંથા ચમીરાએ આઉટ કર્યો હતો.



નવી દિલ્હીમાં સુષ્મા સ્વરાજ ભવનમાં પમી ભારત-યુએસ ૨+૨ મંત્રી સ્તરીય સંવાદ દરમિયાન સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને વિદેશ મંત્રી એસ. જયશંકર.

### ન્યૂઝ બ્રિફ

### ન્યૂઝીલેન્ડનું સેમિફાઈનલમાં લગભગ સ્થાન હવે નિશ્ચિત



। નવી દિલ્હી, તા.૧૦ ।

વર્લ્ડ કપ ૨૦૨૩માં ભારતની ટીમ તમામ મેચ જીતીને પહેલા જ સેમિફાઈનલમાં પહોંચી ગઈ છે ત્યારબાદ સાઉથ આફ્રિક અને ઓસ્ટ્રેલિયાની ટીમે સેમિફાઈનલમાં જગ્યા બનાવી હતી. હવે ગઈકાલે ન્યુઝીલેન્ડ શ્રીલંકા સામેની મેચ જીતીને સેમિફાઈનલ માટે લગભગ કન્ફર્મ થઈ ગઈ છે ત્યારે હવે કોઈ ચમત્કાર જ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન ટીમને સેમિફાઈનલમાં પહોંચાડી શકે છે. વર્લ્ડ કપ ૨૦૨૩માં ગઈકાલે રમાયેલી ૪૧મી મેચમાં ન્યુઝીલેન્ડે શ્રીલંકાને પાંચ વિકેટથી પરાજય આપીને સેમિફાઈનલમાં લગભગ પોતાની જગ્યા બનાવી દીધી છે. ન્યુઝીલેન્ડનીજીતસાથેપાકિસ્તાનટીમની મુશ્કેલી વધારી દીધી છે. ન્યુઝીલેન્ડની ટીમ રનરેટ અને પોઈન્ટ ટેબલમાં પાકિસ્તાન અને અફઘાનિસ્તાન કરતા આગળ નીકળીને ચોથા સ્થાને પહોંચી ગઈ છે. પાકિસ્તાન ટીમને હવે વર્લ્ડ કપ ૨૦૨૩ની સેમિફાઈનલની રાહ મુશ્કેલ જ નહીં પણ નામુમકીન છે.

### વિન્ડીઝના મહાન ક્રિકેટર વિવિયન રિચર્ડસે વિરાટના વખાણ કર્યા



। બાર્બાડોઝ, તા.૧૦ ।

વર્લ્ડ કપ ૨૦૨૩માં વિરાટ કોહલી શાનદાર ફોર્મમાં છે અને સૌથી વધુ રન બનાવવાના મામલે તે ત્રીજા સ્થાને છે. ઘણા દિગ્ગજ ખેલાડી વિરાટના પ્રશંસક છે ત્યારે હવે વિન્ડિઝ ટીમના પૂર્વ દિગ્ગજ વિવિયન રિચર્ડ્સે પણ કોહલીના ખૂબ વખાણ કર્યા હતા. વિરાટ કોહલીએ સાઉથ આફ્રિકા સામે વનડેમાં ૪૯ સદી ફટકારી હતી. કોહલીના વિશ્વભરમાં ફેન્સ છે અને અનેક દિગ્ગજો પણ તેની બેટિંગને પસંદ કરે છે ત્યારે હવે આ લિસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝના પૂર્વ ક્રિકેટર અને ક્રિકેટ લિજેન્ડ વિવિયન રિચર્ડ્સનું પણ સામેલ થઈ ગયા છે. રિચર્ડ્સે કોહલીના ખૂબ વખાણ કર્યા હતા અને તેણે કહ્યું કે હું વિરાટ કોહલીનો મોટો પ્રશંસક છું. કોહલીના વખાણ કરવામાં રિચર્ડ્સે કોઈ કસર છોડી ન હતી. રિચર્ડ્સે કહ્યું કે વર્ષ ૨૦૧૯થી ત્રણ વર્ષ સુધી કોહલીના બેટમાંથી કોઈ સદી આવી ન હતી. આ પછી કોહલીએ પોતાના શાનદાર કમબેકથી બધાને ચોંકાવી દીધા છે. કોહલીએ ૨૦૨૨થી અત્યાર સુધી કુલ ૯ સદી ફટકારી દીધી છે. રિચર્ડ્સે કહ્યું કે એક એવી વસ્તુ છે જે કોહલીને બીજા બધાથી અલગ બનાવે છે, તે છે તેની માનસિક શક્તિ. આ શક્તિ જ તેને આગળ લઈ જવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

## પાકિસ્તાન ઘર વાપસી માટે તમારી યાત્રા શુભ રહે : વીરેન્દ્ર સેહવાગ

। નવી દિલ્હી, તા.૧૦ ।

વર્લ્ડ કપ ૨૦૨૩માં પહેલી બે મેચ જીતીને શાનદાર આગાઝ કરનારી પાકિસ્તાન માટે હવે સેમિફાઈનલમાં પહોંચવાની શક્યતા નહીંવત છે ત્યારે હવે ભારતના પૂર્વ ક્રિકેટર વીરેન્દ્ર સેહવાગે પાકિસ્તાનની ટીમ માટે બે ટ્વિટ કર્યા છે જે હાલ વાયરલ થઈ છે. વીરેન્દ્ર સેહવાગે આ બે ટ્વિટમાં પાકિસ્તાન ટીમે ટુર્નામેન્ટમાં જે રીતે પર્ફોમન્સ કર્યું છે તેનું વર્ણન કરવાનો પ્રયાસ કર્યો છે. વીરેન્દ્ર સેહવાગે એક ફોટો શેર કર્યો જેના પર લખ્યું છે, 'બાય-બાય પાકિસ્તાન', આ ફોટાને



શેર કરતા સેહવાગે કેપ્શનમાં લખ્યું હતું કે 'પાકિસ્તાન જિંદાભાગ! ઘર વાપસી માટે તમારી યાત્રા શુભ રહે તેમજ અન્ય એક ટ્વિટમાં સેહવાગે લખ્યું છે કે પાકિસ્તાનની ખાસ વાત એ છે કે પાકિસ્તાન જે ટીમને સપોર્ટ કરે છે તે પણ પાકિસ્તાનની જેમ રમવા લાગે છે. માફ કરશો શ્રીલંકા આ ઉપ રાતં સેહવાગે ઈન્સ્ટાગ્રામ પર પણ બાય-બાય પાકિસ્તાનનો ફોટો શેર કર્યો છે.

### પૂર્વ ભારતીય સ્ટાર ક્રિકેટરનું વિવાદાસ્પદ નિવેદન

## વિરાટ પોતાને રોનાલ્ડો સમજે છે, પણ છે નહી : યુવરાજસિંહ

### યુવરાજે મહેન્દ્ર સિંહ ધોની સાથે પોતાની મિત્રતાને લઈને આપેલા નિવેદન બાદ હવે કોહલી અંગે મોટો ખુલાસો કર્યો

। નવી દિલ્હી, તા.૧૦ ।

ભારતના પૂર્વ ખેલાડી યુવરાજસિંહ હાલમાં જ પોતાના નિવેદનના કારણે ચર્ચામાં છે. પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની સાથે પોતાની મિત્રતાને લઈને આપેલા નિવેદન બાદ હવે તેમણે વિરાટ કોહલી અંગે મોટો ખુલાસો કર્યો છે. યુવરાજે કોહલીની મજા લેતા કહ્યું કે, 'તેઓ ખુદને ક્રિસ્ટિયાનો રોનાલ્ડો સમજે છે, પરંતુ તે છે નહીં.' યુવરાજ અને કોહલી બંને ભારત માટે એક સાથે રમી ચૂક્યા છે.



આઈપીએલમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુની ટીમમાં પણ બંને કેટલી સીઝનમાં સાથે હતા. જ્યાં યુવરાજે ૨૦૧૯માં પોતાના ઈન્ટરનેશનલ ક્રિકેટ કરિયરને અલવિદા કહી દીધું, ત્યારે કોહલી ટીમનો ભાગ બનેલા છે. આ બંને ફેમસ ક્રિકેટર હોવાની સાથો-સાથ ફૂટબોલના પણ સારા ખેલાડી છે અને યુવરાજનું માનવું છે કે, તેઓ આ રમતમાં કોહલીથી સારું રમે છે. યુવરાજે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે, ફૂટબોલમાં મારી અને વિરાટની ખૂબ લડાઈ થઈ છે. મારી આશીષ નેહરા અને વિરેન્દ્ર સહેવાગ સાથે પણ ફુટબોલમાં લડાઈ થઈ છે. જ્યારે યુવરાજને પૂછવામાં આવ્યું કે, કોહલી સારા ફુટબોલર છે, તો તેમણે કહ્યું કે, વિરાટને એવું લાગે છે કે તેમની પાસે ક્ષમતા છે, પરંતુ મારા અંદર તેનાથી વધુ છે.

### ઓસ્ટ્રેલિયા સામેની સીરિઝ ગુમાવે તેવી શક્યતા

## હાર્દિક પંડ્યા વર્લ્ડકપ બાદ પણ નહી કરી શકે વાપસી, તેની ગેરહાજરીમાં સૂર્યકુમાર યાદવ

### વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ પછી ભારતીય ક્રિકેટ ટીમ ઓસ્ટ્રેલિયા સામે પાંચ T20 આંતરરાષ્ટ્રીય મેચોની શ્રેણી રમશે, જે ૨૩ નવેમ્બરથી શરૂ થશે

। નવી દિલ્હી, તા.૧૦ ।

વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ પછી ભારતીય ક્રિકેટ ટીમ ઓસ્ટ્રેલિયા સામે પાંચ T20 આંતરરાષ્ટ્રીય મેચોની શ્રેણી રમશે. આ સીરિઝ ૨૩ નવેમ્બરથી શરૂ થશે. ૨૦૨૩માં ટી-૨૦ ઈન્ટરનેશનલમાં ભારતની કેપ્ટનશીપ કરનાર હાર્દિક પંડ્યા તેના પગની ઈજાથી સંઘર્ષ કરી રહ્યો છે અને તેના માટે ઓસ્ટ્રેલિયા સામેની સીરિઝમાં રમવું મુશ્કેલ છે. આવી સ્થિતિમાં હાર્દિકની ઈજા T20ના નંબર વન બેટ્સમેન સૂર્યકુમાર



યાદવ અથવા એશિયન ગેમ્સ ૨૦૨૩માં ગોલ્ડ મેડલ જીતનાર ઋતુરાજ ગાયકવાડનું ભાગ્ય બદલી શકે છે. બીસીસીઆઈના એક સૂત્રએ જણાવ્યું હતું કે હાર્દિક માટે તે વધુ સારું રહેશે કે તે સંપૂર્ણ રીતે ફિટ થઈ જાય અને ડિસેમ્બરમાં દક્ષિણ આફ્રિકા સામેની ટી૨૦ શ્રેણી દ્વારા વાપસી કરે. એવું પણ કહેવામાં આવ્યું હતું કે હાર્દિકની ગેરહાજરીમાં સૂર્યકુમાર યાદવ ઓસ્ટ્રેલિયા સામેની T20 શ્રેણીમાં ભારતની કેપ્ટનશીપ માટે પ્રથમ પસંદગી હશે. સૂત્રએ જણાવ્યું હતું કે, હાર્દિકને ફિટ જાહેર કરવા અને પસંદગી માટે થોડો સમય છે. તેના માટે વધુ સારું રહેશે કે તે સંપૂર્ણ પણે સ્વસ્થ થઈ જાય અને દક્ષિણ આફ્રિકા સામેની શ્રેણીથી વાપસી કરે. જો કે, આ અંગેનો અંતિમ નિર્ણય NCA સ્પોર્ટ્સ સાયન્સ ટીમનો રહેશે.

### દેશમાં ૭૦ કરોડ પાન કાર્ડ છે

## સરકારે ૧૧.૫ કરોડ પાન કાર્ડ બંધ કરી દીધા હતા

### આધાર કાર્ડને PAN સાથે લિંક ન કરનારાઓ સામે સરકારે કડક કાર્યવાહી કરી છે, ૧૧.૫ કરોડ પાન કાર્ડ નિષ્ક્રિય કરવામાં આવ્યા

। નવી દિલ્હી, તા.૧૦ ।

કેન્દ્ર સરકારે ૧૧.૫ કરોડ પાન કાર્ડ બંધ કરી દીધા છે. આ કડક નિર્ણય એટલા માટે લેવામાં આવ્યો છે કારણ કે પાન કાર્ડને આધાર સાથે લિંક કરવામાં આવ્યું ન હતું. એક આરટીઆઈના જવાબમાં, સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ (સીબીડીટી) એ જણાવ્યું કે પાન કાર્ડને આધાર કાર્ડ સાથે લિંક કરવાની તારીખ ૩૦ જૂન હતી. નિયત સમયમાં બંને કાર્ડ લિંક ન કરાવનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે. દેશમાં આ પાન કાર્ડની સંખ્યા ૭૦.૨૪ કરોડ પર પહોંચી ગઈ છે. તેમાંથી ૫૭.૨૫ કરોડ લોકોએ પાન કાર્ડને આધાર કાર્ડ સાથે લિંક



કર્યું હતું. લગભગ ૧૨ કરોડ લોકોએ નિર્ધારિત સમયમાં આ પ્રક્રિયાને અનુસરી ન હતી. તેમાંથી ૧૧.૫ કરોડ લોકોના કાર્ડ નિષ્ક્રિય કરી દેવામાં આવ્યા છે. આ આરટીઆઈ મધ્યપ્રદેશના આરટીઆઈ કાર્યકર્તા ચંદ્રશેખર ગૌરે દાખલ કરી હતી. જેમાં જાણકારી આપ વામાં આવી હતી કે નવા પાન કાર્ડ બનાવતી વખતે આધાર સાથે લિંક કરવામાં આવે છે. આ આદેશ એવા લોકો માટે જારી કરવામાં આવ્યો છે.

### કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં કહ્યુ

## CBI એક સ્વતંત્ર કાયદાકીય સંસ્થા, તેના પર અમારો કોઇ કંન્ટ્રોલ નથી

### રાજ્યએ કહ્યું છે કે રાજ્ય સરકારના અધિકારક્ષેત્રમાં આવતા તમામ કેસની તપાસ માટે રાજ્યની મંજૂરી ફરજિયાત કરવામાં આવી છે

। નવી દિલ્હી, તા.૧૦ ।

કેન્દ્ર સરકારે ગુરુવારે (૯ નવેમ્બર) સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન અંગે સુપ્રીમ કોર્ટમાં જવાબ દાખલ કર્યો છે. કેન્દ્ર સરકારે કહ્યું હતું કે સીબીઆઈ એક સ્વતંત્ર કાનૂની સંસ્થા છે અને તેના પર અમારું કોઈ નિયંત્રણ નથી. પોતાના જવાબમાં કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને બંગાળ સરકારની અરજીને ફગાવી દેવા વિનંતી કરી હતી. પશ્ચિમ બંગાળ સરકારે સીબીઆઈ પર એફઆઈઆર નોંધવા અને રાજ્યની મંજૂરી વિના તપાસ શરૂ કરવાનો આરોપ મૂક્યો હતો. પશ્ચિમ બંગાળ સરકારે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને દાવો કર્યો હતો



કે રાજ્યમાં ૧૨ કેસોની સુનાવણીમાંથી સીબીઆઈને હટાવવામાં આવવી જોઈએ. રાજ્યએ કહ્યું છે કે રાજ્ય સરકારના અધિકારક્ષેત્રમાં આવતા કોઈપણ કેસની તપાસ માટે રાજ્યની મંજૂરી ફરજિયાત કરવામાં આવી છે. તેમ છતાં સીબીઆઈ FIR નોંધીને તપાસ કરી રહી છે. તેના પર કેન્દ્ર સરકારે દલીલ કરી હતી કે સીબીઆઈ એક સ્વતંત્ર કાયદાકીય સંસ્થા છે અને તેના પર તેનું કોઈ નિયંત્રણ નથી.

બંગાળ સરકારે બંધારણની કલમ ૧૩૧ હેઠળ સુપ્રીમ કોર્ટમાં કેસ દાખલ કર્યો છે. આ મામલામાં કેન્દ્ર સરકાર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જસ્ટિસ બીઆર ગવઈ અને અરવિંદ કુમારની ખંડપીઠને કહ્યું હતું કે બંગાળ સરકારની અરજી સુનાવણી યોગ્ય નથી કારણ કે કલમ ૧૩૧ હેઠળ સીબીઆઈ વિરુદ્ધ કેસ દાખલ કરી શકાય નહીં. હાઈકોર્ટના આદેશ પર સીબીઆઈ તપાસ કરી રહી છે મહેતાએ કહ્યું કે આ કેસમાં ઉલ્લેખિત ૧૨ કેસ સીબીઆઈ દ્વારા કલકત્તા હાઈકોર્ટના નિર્દેશ પર નોંધવામાં આવ્યા હતા. તેમણે કહ્યું હતું કે "આ તથ્યો કેસમાંથી સંપૂર્ણપણે ગાયબ છે.

### વેબસાઇટ પર જઇને કરી શકશો અરજી

## ઇન્ડિયા પોસ્ટ ૧૮૯૦થી વધુ પદો પર ભરતી કરશે

### આ ભરતી ડ્રાઈવ માટે અરજી કરવા માટે ઉમેદવારોએ પોસ્ટમુજબ૧૦/૧૨/ગ્રેજ્યુએટપાસકરેલહોવાજોઈએ

। નવી દિલ્હી, તા.૧૦ ।

સરકારી નોકરીઓ શોધી રહેલા ૧૦ પાસથી લઈને સ્નાતક ઉમેદવારો માટે સારા સમાચાર છે. ઈન્ડિયા પોસ્ટે ભરતી માટે નોટિફિકેશન બહાર પાડ્યું છે. મુજબ ભારતીય પોસ્ટમાં બમ્પર ભરતી કરવામાં આવશે. આ ભરતી માટે અરજી કરવાની પ્રક્રિયા આજથી શરૂ થઈ રહી છે.

રસ ધરાવતા અને લાયક ઉમેદવારો આ ભરતી માટે છેલ્લી તારીખ ૦૯ ડિસેમ્બર ૨૦૨૩ સુધી અરજી કરી શકે છે. છેલ્લી તારીખ પછી ઉમેદવારોને અરજી કરવાની તક મળશે નહીં. અરજી કરવા માટે ઉમેદવારોએ સત્તાવાર સાઈટ indiapost.gov.inની મુલાકાત લેવી પડશે. આ ભરતી અભિયાન દ્વારા ભારત

Indian Post भारतीय डाक

પોસ્ટમાં કુલ ૧૮૯૯ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. જેમાં પોસ્ટલ આસિસ્ટન્ટની ૫૯૮ જગ્યાઓ, પોસ્ટમેનની ૫૮૫ જગ્યાઓ, મલ્ટી ટાસ્કિંગ સ્ટાફની ૫૭૦ જગ્યાઓ, શોર્ટિંગ આસિસ્ટન્ટની ૧૪૩ જગ્યાઓ અને મેલ ગાર્ડની ૩ જગ્યાઓ ભરવામાં આવશે. નોટિફિકેશન મુજબ, આ ભરતી ડ્રાઈવ માટે અરજી કરવાની પાત્રતા અલગ રાખવામાં આવી છે. આ ભરતી ડ્રાઈવ માટે અરજી કરવા માટે ઉમેદવારોએ પોસ્ટ મુજબ ૧૦/૧૨/ગ્રેજ્યુએટ પાસ કરેલ હોવા જોઈએ.

## તંત્રી લેખ...

# રાષ્ટ્રીય રાજધાનીમાં વાયુ પ્રદૂષણ સતત ગંભીર

ઉત્તર ભારતના મોટાભાગના વિસ્તારોમાં પ્રદૂષણથી ખરાબ હાલત છે. સ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ છે કે દિલ્હી સરકારે બુધવારે બધી સ્કૂલોમાં ૧૮ નવેમ્બર સુધી રજાઓ આપી દીધી છે. જોકે નીચલાં ધોરણ તો ૩ નવેમ્બરથી જ બંધ છે. તેને શિયાળાની રજાઓ કહેવાય છે, પરંતુ તે પ્રદૂષણની રજાઓ છે! રાષ્ટ્રીય રાજધાનીમાં વાયુ પ્રદૂષણ સતત 'ગંભીર' શ્રેણીનું બન્યું છે. દિવાળી સુધી પ્રદૂષણ ઘટવાની કોઈ આશા નથી, ત્યાર બાદ જ પ્રદૂષણરોધી નિયમો યોગ્ય રીતે લાગુ કરવામાં આવશે અને પરાળ બાળવાની ઘટનાઓમાં પણ ઘટાડો થશે. જોકે, મોટાભાગની સ્કૂલો ઓનલાઈન વર્ગો ચલાવશે અને એ જરૂરી પણ છે. કોરોના અને લોકડાઉને ઓનલાઈન શિક્ષણની ક્ષમતા વિકસિત કરી દીધી છે તેનો લાભ લેવો જ જોઈએ. પ્રદૂષણથી બચવા માટે રજાઓ જાહેર કરાઈ છે, પરંતુ તેનો મતલબ એ નથી કે બાળકો ભણવાનું બંધ કરી દે. સ્કૂલોએ સુનિશ્ચિત કરવું પડશે કે બાળકોનું શિક્ષણમાં નુકસાન ન થાય. શિક્ષણ માત્ર ભવિષ્ય સાથે જોડાયેલો વિષય નથી, તે રોજગાર સાથે પણ જોડાયેલો વિષય છે, તેથી પ્રદૂષણ અને રજાઓની ઓછામાં ઓછી અસર શિક્ષણ પર પડવી જોઈએ. દિલ્હી અને તેની આસપાસનાં શહેરોમાં જે ધુમાડો વ્યાપ્ત છે, તેમાં એક તૃતિયાંશ યોગદાન પરાળ બાળવાથી થાય છે. શું પંજાબ અને હરિયાણામાં પણ બાળકોનું ભણતર પ્રભાવિત થઈ રહ્યું છે? ત્યાં કદાચ દિલ્હીની જેમ ભણતર પ્રભાવિત નથી થતું, પણ ત્યાં લોકોનું સ્વાસ્થ્ય ખતરનાક રૂપે પ્રભાવિત થાય છે. શું ત્યાંની સરકાર આ વિશે વિચારી રહી છે? ત્યાંની સરકારો શું લોકોના સ્વાસ્થ્ય પ્રત્યે પર્યાપ્ત રીતે જાગૃત છે? મોટાભાગે હવામાં પ્રદૂષણની માત્રા સુરિક્ષત સીમાથી સાતથી આઠ ગણી વધારે થઈ ગઈ છે. કેટલાક માપદંડ પર તો દિલ્હીમાં હવા સુરિક્ષત સીમાથી ૩૦ થી ૪૦ ગણી વધારે છે. ગંગાના મેદાની વિસ્તારોના કેટલાય શહેરોમાં હવાની ગુણવત્તા ખતરનાક રહી છે. આ વાત વારંવાર દોહરાવવાની જરૂર છે કે પ્રદૂષણ સામાન્ય નથી, જીવલેણ છે. યાદ રહે કે કરોડો લોકોની દિનચર્યા પ્રભાવિત થઈ છે, સવાર-સાંજ ભરપૂર રહેતા બાગ સૂના પડી ગયા છે, લોકોનું બહાર ટહેલવું બંધ થઈ ગયું છે. એવામાં જીવનશૈલી સાથે જોડાયેલી અન્ય બીમારીઓને પણ મોકો મળશે. સુપ્રીમ કોર્ટે પ્રદૂષણની નોંધ લીધી છે તે સારી વાત છે અને સરકારોને ફટકારતાં યોગ્ય જ કહ્યું છે કે આ મુદ્દે દર વખતે રાજકીય લડાઈ ન લડવી જોઈએ. સુપ્રીમ કોર્ટે પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનને એ સુનિશ્ચિત કરવાના નિર્દેશ આપ્યા છે કે પરાળ બાળવા પર તાત્કાલિક રોક લગાવવામાં આવે. અદાલતે કડક ટિપ્પણી કરતાં કહ્યું કે પ્રદૂષણને કારણે લોકોને મરવા ન છોડી શકે. દિલ્હી આગળ વધીને હરિયાણાને જવાબદાર ઠેરવે અને હરિયાણા પંજાબના માથે ઠીકરું ફોડે, અત્યાર સુધી આ જ ચાલતું આવ્યું છે. આ આમ જનતાએ પણ જાગી જવાનો સમય છે. તેમણે જોવું જોઈએ કે તેઓ આ પ્રદૂષણમાં કેટલું યોગદાન આપી રહ્યા છે? મહાત્મા ગાંધીએ આ દેશની જનતાને બહુ પહેલાં જ ચેતવ્યા હતા કે ફક્ત સરકારના ભરોસે ન રહેશો. ખરેખર, પ્રદૂષણનો પડકાર બહુ મોટો થઈ ગયો છે અને આપણે વિચારવું જોઈએ કે આપણે વ્યક્તિગત રૂપે અને સંમિલિત રૂપે પણ આપણા પ્રદેશ, દેશ માટે શું કરી શકીએ? દિલ્હી સહિત અન્ય શહેરોમાં પણ વાયુ પ્રદુષણનું સ્તર નોંધપાત્ર રીતે વદી રહ્યું છે. આવી સ્થિતિમાં ઘણા લોકો આંખોની બળતરાનો સામનો તેમજ છાતીમાં દુખાવા જેવી સમસ્યાઓનો સામનો કરી રહ્યાં છે. વાયુ પ્રદૂષણ વધવાના કારણે લોકોનું સ્વાસ્થ્ય ઝડપથી બગડી રહ્યું છે. એટલું જ નહીં તેની અસર લોકોની જીવનશૈલી પર પણ જોવા મળી રહી છે.

## વર્લ્ડ કપના ઇતિહાસમાં ન ભૂતોન ભવિષ્યતી એવી મેચ બની

અત્યારે ચારેબાજુ પ્રકાશનું પર્વ ચાલી રહયું છે. કયારે કઇ વ્યકિત કેવી રીતે ઝળહળી ઉઠે તેની ખબર નથી પડતી. જેમકે હારના આરે ઊભેલી ઓસ્ટ્રેલિયાની ટીમમાં ગ્લેન મેકસવેલ અચાનક જ પોતાની સમગ્ર તાકાતથી તમામ પીડાને ભૂલીને ઝળહળી ઉઠયો. વર્લ્ડ કપના ઈતિહાસમાં ન ભૂતોન ભવિષ્યતી એવી મેચ બની. જો કે ભૂતકાળમાં પણ આવી ઘટનાઓ ઘટી છે. ૧૯૮૩માં ભારત-ઝિમ્બામ્બેની મેચમાં પણ કપિલદેવે આ જ રીતે ૧૭૫ રન કરી હારની કગારમાંથી ટીમને જીત તરફ લઈ ગયેલી રમત રમી હતી. ફરક એટલો જ કે મેકસવેલે પગના સ્નાયુ ખેંચાઇ જવાની અસહ્ય પીડા સાથે મેચ જીતી બતાવી. જયારે મનુષ્ય પોતાની પીડાને પચાવીજીવ પર આવી બાજી ખેલે છે ત્યારે ઝળહળી ઉઠે છે. જીવન એટલે જ નિરંતર ચમત્કાર. હંમેશા કોઈ મઠ, મંદિર, આશ્રમ, દેવળ,સાધુ કે સંત હોય ત્યાં જ ચમત્કાર રચાય એવો કોઇ દિવ્ય કાયદો નથી. કયારેક રમતના મેદાન તો કયારેક સામાન્ય માનવીના જીવનમાં પણ ચમત્કાર સર્જાતો હોય છે. તેજ-લિસોટા જેવી આવી ઘટનાઓ કાયમ માટે યાદ રહી જતી હોય છે. એક બહુ સરસ પ્રસંગ મોક્ર કીદે નોંધ્યો છે. જેના કેન્દ્રમાં બાળસહજ સંવાદ છે. નર્સરીની એક બાળકીએ નાતાલ દરમિયાન એક નાટકમાં ભાગ લીધો હતો. બાળકી નાટકના રિહર્સલમાંથી પાછી આવી પરિવાર સાથે વાત કરતી હતી. તેના પિતાએ પૂછયું કે બેટા, નાટકમાં તું શું બની છો? તો દિકરીએ જવાબ આપ્યો કે હું જીસસના ગામ બેથલેહેમમાં આકાશનો એક તારો બની છું. પિતાએ પૂછ્યું કે, નાટકમાં તારે શું સંવાદ બોલવાનો છે? તો બાળકીએ બહુ સરસ જવાબ આપ્યો કે મારે કશું બોલવાનું નથી. મારે તો સ્ટેજના એક ખૂણામાં ઊભા રહીને માત્ર ઝળહળવાનું છે. નાની બાબત પણ તેનો અર્થ બહુ ગહન છે. પૃથ્વી પર વસતો દરેક જીવ આવું જ નથી કરતો ? દરેક દીવો તેના તેલની તાકાતથી પ્રગટેલો રહે છે. આપણી નાનકડી ક્ષમતા, યોગ્યતા અને શકયતા જેવું અને જેટલું આપણે પણ ઝળહળવાનું છે. કયારેક આપણી ક્ષમતા કરતાં પણ વધુ પ્રગટી શકીએ એવી સંભાવના પણ પરમ કૃપાળુ પરમાત્માએ આપણામાં મૂકી હોય છે. ફક્ત આપણે તેની આડે આવતા અવરોધોને જ હટાવવાના હોય છે. કદાચ દરેકના જીવનમાં આવો ઝળહળાટ કે જે લોકોને આજી નાંખે એવો ન પણ હોય પરંતુ તેનાથી કંઇ નાસીપાસ થવાની જરૂર નથી. જીવનમાં રંગમંચ પર આપણે જ કેન્દ્રમાં હોઈએ એવી ભૂમિકા કે સંવાદ આપણને ભલે ન મળ્યા હોય પણ બાળકીની જેમ તારો બની ઝળહળતા કોણ રોકે છે ? મારા હોવાની સચ્ચાઈ, સાદગી, પવિત્રતા, નિષ્ઠા, આસ્થા અને પ્રામાણિકતાનો ટમટમાટ મારા માટે પર્યાપ્ત છે. દુનિયાની નજરમાં ભલે ને મારી હસ્તી નગણ્ય હોય પરંતુ મારી નજરમાં તો હું સ્વયં પ્રકાશિત આગિયો હોઉં તો પણ ઘણું છે. લોકોને આંજી નાખવાના મિથ્યા પ્રયત્નો કરવાથી કોઈ વાર આપણે આપણી જ નજરમાંથી નીચે ઉતરતા જઈએ છીએ.

# મહાલક્ષ્મીનાં એક સ્વરૂપને ચતુરા કહેવાય છે, એ સામેવાળાની ચતુરાઈને પહેલા પકડી પાડે છે, માટે કહેવાતી સ્માર્ટનેસ ત્યજી એને શરણે જવું



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે આમ તો હમણાં મિશ્ર તિથિ ચાલે છે, પણ આપણે આસો વદ તેરસ એટલે કે ધન તેરસ છે. વિશ્વ આખામાં હવે લોકો અતૃપ્તિનાં એક માનસિક રોગથી પીડાતા હોય, એમ વિશ્વ આખું આજે પૂર્ણ આર્થિક મંદીનાં તનાવ સાથે જીવી રહ્યું છે, એટલે સૌ સાથે મળી, આ વખતે આ ધન તેરસનો તહેવાર ધનની તરસ છોડી ઉજવીએ. આમ પણ મહાલક્ષ્મીનાં એક સ્વરૂપને ચતુરા કહેવામાં આવે છે, તો એ સામેવાળાની ચતુરાઈને પહેલા પકડી પાડે છે, માટે કહેવાતી સ્માર્ટ નેસ ત્યજી એને શરણે જવું, તો અવશ્ય સુખ શાંતિ બની રહેશે. સામાન્ય રીતે દિવાળીનાં તહેવાર અગિયારસથી શરૂ થાય છે,રમા એકાદશી,વાક્ બારસ ને ધન તેરસ, કાળી ચૌદસ તથા દિવાળી અને,કારતક સુદ એકમ એટલે બેસતું વર્ષ કે નવું વર્ષ, ત્યાર બાદ ભાઈબીજ, સુધી ઉજવાય છે.વેપારીઓ દીવાળી એ ચોપડા પૂજન કરી પછી લાભ પાંચમ સુધી રજા રાખે છે, અને એ દિવસ પણ સારો દિવસ છે,તેઓ તે દિવસથી પાછા પોતાનાં ધંધા શરું કરે છે.મુખ્યત્વે પાંચ દિવસ એટલે કે ધનતેરસ કાળીચૌદશ દિવાળી બેસતું વર્ષ અને ભાઈબીજ આ પાંચ દિવસો બધા જ લોકો દિવાળીના તહેવાર તરીકે ઉજવે છે.

ધનતેરસને દિવસે ધનની પૂજાનું બહુ જ મહત્વ છે, અને કહેવાય છે કે આ દિવસે ધનની પૂજા કરવાથી તેર ગણું ધન-ધાન્ય વધે છે. સમુદ્ર મંથનમાં ભગવાન ધન્વંતરિ હાથમાં કળશ લઈને બહાર આવ્યા, એ દિવસે આસો વદ તેરસ હતી. એટલે તેના નામ પરથી ધન્વંતરિ જયંતી અથવા ધનતેરસ તરીકે આ દિવસને ઉજવવામાં આવે છે. સ્વસ્થ આયુષ્ય પ્રદાન કરવા માટે ભગવાન ધન્વંતરિ આ કળશ લઈને અવતર્યા હતા, અને તે કળશ લઈને આવ્યાં હોવાથી આજના દિવસે સુવર્ણ અને પિત્તળની ધાતુની ખરીદી કરવાનું પણ મહત્વ છે. ઉપરાંત એક બીજી લોકવાયકા એવી પણ છે, કે ભગવાન વિષ્ણુ દ્વારા લક્ષ્મીજી શાપિત થાય છે, અને તેમને ૧૩ વર્ષ સુધી કોઈ ભૂમિ પુત્ર એટલે કે ખેડૂતને ઘરે રહેવાનું હોય છે.

લક્ષ્મીજી જે ભૂમિપુત્રને ત્યાં રહ્યાં હતાં, તેના ધન-ધાન્યમાં વૃદ્ધિ થાય છે, અને સમય અવધિ પૂરી થતાં ભગવાન વિષ્ણુએ તેમને તેડવા માટે આવે છે, ત્યારે તે ખેડૂત લક્ષ્મીજી ને પોતાના ઘરે રોકાઈ જવા આગ્રહ કે વિનંતી કરે છે,તે દિવસ પણ આસો વદ તેરસનો દિવસ હતો, અને લક્ષ્મીજી એવું કહે છે, કે આ દિવસે જે કોઈ પોતાના આંગણામાં દીવા મૂકી અને મારું પૂજન કરશે, તેને ત્યાં કાયમ મારો વાસ રહેશે. ત્રીજી એક લોકવાયકા એવી છે,કે અસુરોના રાજા બલીનો અત્યંત ત્રાસ વધી જતાં, દેવતાઓની વિનંતીથી ભગવાન વિષ્ણુ વામન સ્વરૂપે બલિને ત્યાં ભિક્ષા માંગવા જાય છે, અસુરોના ગુરુ શુક્રાચાર્યને ભગવાન વિષ્ણુની આ ચાલ વિશે જાણકારી મળી જાય છે, અને તે રાજા બલિને ખૂબ જ સમજાવે છે, કે ભગવાન વિષ્ણુ તને પાઈમાલ કરી દેવા માટે આવ્યા છે, પણ રાજા એ વાત માનતા નથી, અને વામન સ્વરૂપે આવેલા ભગવાનને ત્રણ ડગલાં પૃથ્વી આપવા માટે કટિબદ્ધ થાય છે, ત્યારે શુક્રાચાર્ય લઘુ સ્વરૂપ ધારણ કરી અને કમંડળમાં સમાય જાય છે. જેથી કરીને સંકલ્પ કરવા માટેનું જળ કમંડળ માંથી નીકળતું નથી. દર્ભના તણખલાના આગળના કડક ભાગથી ભગવાન વિષ્ણુ કમંડળને ખોતરે છે, જેથી શુક્રાચાર્યની એક આંખ ફૂટી જાય છે, અને આમ ભગવાન વિષ્ણુ પોતાની ચાલમાં કામયાબ બને છે, અને અસુરોનો ત્રાસમાંથી દેવતાઓ મુક્ત થાય છે, એટલે પણ આ દિવસને ઉજવવામાં આવે છે.

આપણે ત્યાં આદ્ય શક્તિનાં મુખ્ય ત્રણ અધિષ્ઠાત્રી સ્વરૂપની પૂજા કરવામાં આવે છે, અને મહાલક્ષ્મી, મહાસરસ્વતી, અને મહાકાલી, એમાં ધન-ધાન્ય કે એશ્વર્ય માટે મહાલક્ષ્મી મુખ્ય દેવી માનવામાં આવે છે. પરંતુ ધનતેરસને દિવસે જ મહાલક્ષ્મીનું પૂજન શું કામ? એવો કોઈ પ્રશ્ન થાય તો ક્ષીર સાગરમાંથી આસો વદ તેરસને દિવસે મહાલક્ષ્મી હાથમાં ચરુ લઈને પ્રગટ થયા હતા, અને તેથી એ દિવસે ધનની પૂજા કરવામાં આવે છે. આ ઉપરાંત સમુદ્ર મંથન વખતે પણ સમુદ્રમાંથી મહાલક્ષ્મીનું હાથમાં અમૃત કુંભ સાથે બહાર આવ્યા હતાં, એટલે એ રીતે પણ મહાલક્ષ્મીના પ્રાગટ્ય દિવસને ધનતેરસ તરીકે ઉજવવામાં આવે છે.

ધનની પૂજામાં સામાન્ય રીતે જુના નવા ચલણના સિક્કાઓ, સોના ચાંદી જેવી કિંમતી ધાતુઓ, હીરા, માણેક, વગેરેનો સમાવેશ કરવામાં આવે છે. પૂજનવિધીમાં આ ધન ના સિક્કા ને દૂધ પાણી વડે ધોઈ અને કે પૂજન વિધિ સંપન્ન કરવામાં આવે છે.ધોવાનો મતલબ એ થાય કે અમે લક્ષ્મીને દાન-ધર્મ કરીને સાફ સુથરી રાખીશું, અથવા તો અનીતિની કમાણી નહીં કરીએ, પણ જ્યાં સીધી આવકનો સ્રોત હશે, એ જ ધનને કમાણી રૂપે અર્જિત કરીશું. આપણે આપણી આવક પૂરેપૂરી ખર્ચાઈ ન જાય, ત્યાં સુધી આ સચ્ચાઈનો એટલે કે દાન ધર્મનો માર્ગ મુકવાનો નથી. ધનનો એક સીધોસાદો અર્થ એટલે રૂપિયા પૈસા, અને એ જીવન જીવવા માટે બહુ જ અનિવાર્ય છે. આમ પણ અત્યારે સૌને ધનવાન થવું છે, ગુણવાન થવા માટેની કોઈ શિબિર, કે એવું કંઈ યોજવામાં આવે.


તો કદાચ એમાં એટલી સંખ્યા ન થાય, પરંતુ અહીં આટલા રૂપિયા નાં આટલા રૂપિયા કરી દેવામાં આવે છે, એવી કોઈ જાહેરાત સાંભળવા મળે, તો ત્યાં માણસોના ઢગલે ઢગલા જોવા મળે છે. અને વાત પણ સાચી છે, આ મોંઘવારીના જમાનામાં ધન વગર તો કેમ ચાલે!! પરંતુ આજથી ઘણા વર્ષો પૂર્વેનો ઈતિહાસ જોઈએ, તો ધનવાન કોને કહેવાતું!! જેના આંગણામાં ઘણી બધી ગાય હોય, પોતાનું ઘર તથા ખેતર હોય, ઘરમાં ચાર દીકરા હોય, એકાદ-બે સંસ્કારી દીકરીઓ હોય, આંગણાનાં તુલસીક્યારા ને ઉંબર પુજતી વહું હોય, જેના ઘરે રોજ અતિથિનો પાટલો પડતો હોય, તથા નિત્ય ઠાકોરજીની સેવા પૂજા થતી હોય, અને આખો પરિવાર શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ હોય, તથા હસી ખુશીથી ઘરના વહેવારો ચાલતા હોય, આવા વ્યક્તિને એટલે કે ગુણવાન ને ધનવાન કહેવાતા.

મિત્રો દિવાળીના તહેવાર શરૂ થઇ ગયા છે અને જેમ ઘર સાફ કરી અને ચોખ્ખું કર્યું છે, એ જ રીતે અંતર મન પણ ચોખ્ખું કરવાનું છે, અને અંદરના પૂર્વાગ્રહ કે હઠાગ્રહ મુક્ત થઈ, અને જે સંબંધોમાં રોષ કે રીસ હોય, ત્યાં સામેથી જઈ અને દિવાળીની વધાઇ આપી આ તહેવાર ઉજવી લઈએ, આવતીકાલ અહીં કોઈની નિશ્ચિત છે નહીં, અને અહિંથી કંઈ જ આપણે સાથે લઈ જઈ શકવાના નથી. આ બંને સત્ય યાદ રાખીને આપણે ન હોઈએ, ત્યારે પણ લોકો આપણને પ્રેમપૂર્વકયાદ રાખે,એ રીતના મધુર વ્યવહાર અન્ય સાથે આ દિવાળીમાં બાંધવા કટિબદ્ધ બનીએ. આ ઉપરાંત બધાં મિત્રોને ધન તેરસના તહેવારની ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને આપ સૌના જીવન આવી જ રીતે સદાય ધન-ધાન્ય અને ગુણથી ભરેલા રહે, અને કાયમ ઝગમગતા દીવડા જેવું તેજસ્વી અને ખુશહાલ સૌનું જીવન બને,તેમજ ખણકતા રુપિયા જેવી ખણકતી ખુશીનું હાસ્ય સૌનાં મુખ પર સદાય ચમકતું રહે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું, તહેવારોનાં નવા શબ્દાર્થ, અને ભાવાર્થ સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# તુલસીદાસજી કહે છે, જ્યારે સઘળા વિષય-વિલાસો ઉપર વૈરાગ્ય આવે, ત્યારે સમજવું કે એ જીવ જગતમાં જાગ્યો છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



આ જગતમાં સુખી થવાના બે જ માર્ગ છે: એક જ્ઞાનમાર્ગ અને બીજો ભક્તિમાર્ગ. જ્ઞાનમાર્ગ કહે છે કે, સર્વ છોડીને પરમાત્મા પાછળ પડો. વૈરાગ્ય વગર જ્ઞાન મળતું નથી. જ્ઞાનમાર્ગમાં વૈરાગ્ય મુખ્ય છે. જ્ઞાનમાર્ગમાં બધું છોડી દેવાનું છે. જ્ઞાની બધું છોડી દે છે અને એક ભગવાનને પકડી રાખે છે. જ્ઞાનમાર્ગમાં ત્યાગ મુખ્ય છે. ભક્તિમાર્ગ કહે છે કે, સર્વનો ત્યાગ કરવો એ અઘરું છે. એના કરતાં સર્વમાં ઈશ્વર છે એમ માની સર્વ સાથે ભાગવત ભાવ રાખી સર્વ સમર્પણ કરવું. ભક્તિમાર્ગમાં સમર્પણ મુખ્ય છે. ભક્તિમાર્ગના આચાર્ય શ્રીકૃષ્ણ છે. ભગવાન શ્રીકૃષ્ણ સર્વ ઉપર પ્રેમ કરે છે. ભક્તિમાર્ગમાં સર્વ સાથે પ્રેમ કરવાનો હોય છે. ભગવાન જેવો પ્રેમ કરનાર કોઈ થયો નથી અને થવાનો નથી. એક વખત ભૃગુઋષિ વૈકુંઠમાં આવ્યા. ભગવાન સૂતેલા છે. લક્ષ્મીજી ચરણની સેવા કરે છે આને મોટો દેવ કોણ કહે? આવેલા પરીક્ષા કરવા એટલે એકદમઆવી ને ભગવાનની છાતી ઉપર એમણે લાત મારી. ભૃગુઋષિએ છાતીમાં લાત મારી તેમ છતાં છાતીમાં લાત મારનાર ઉપર પણ મારો કનૈયો પ્રેમ કરે છે તેવું માન્યું. ભગવાન કહે છે, મારી છાતી સખત અને તમારા ચરણ કોમળ. તમારાં ચરણને દુ:ખ થયું હશે. જગતમાં આવો પ્રેમ કરનારો કોઈ છે? પણ માતાજીને જરા ખોટું લાગ્યું. આ કંઈ પરીક્ષા કરવાની રીત નથી. તેથી માતાજીએ બ્રાહ્મણોનો ત્યાગ કર્યો એટલે ઘણેભાગે બ્રાહ્મણો ગરીબ હોય છે. જ્ઞાનીઓ માને છે કે, આ શરીરનો સંબંધ થયો એટલે દુ:ખ આવ્યું, એટલે જ્ઞાનીઓ આ શરીર સાથે પણ પ્રેમ કરતા નથી. પ્રેમ કરવો હોય તો સર્વ સાથે પ્રેમ કરો અને કોઈ સાથે પ્રેમ ન કરવો હોય તો આ શરીર ઉપર પણ પ્રેમ ન કરવો અને એક પરમાત્મા ઉપર પ્રેમ કરવો. સર્વ સાથે પ્રેમ કરો અથવા સર્વનો ત્યાગ કરો. સર્વનો ત્યાગ તમારાથી ન થઈ શકે તો સર્વમાં ઈશ્વરનો ભાવ રાખી તેની સાથે પ્રેમ કરો. સર્વમાંથી મમતાનો ત્યાગ કરો અથવા સઘળું ઈશ્વરને અર્પણ કરી સર્વ કર્મફળનો ત્યાગ કરો. દરેકમાં મમતા-મારાપણુંએ સમર્પણ માર્ગ, અમુકમાં જ મમતા એ સ્વાર્થ માર્ગ.આજે આ બધાં સ્વાર્થ માર્ગી બન્યા છે. સંસારમાંથી જે ન જાગે તેને કનૈયો મળતો નથી.ત્યારે જાગ્યો કોણ કહેવાય? જે મનથી વિષયસુખનો ત્યાગ કરી ભગવાનના નામનો જપ કરે ને તુલસીદાસજી કહે છે,જ્યારે સઘળા વિષય-વિલાસો ઉપર વૈરાગ્ય આવે, ત્યારે સમજવું કે એ જીવ જગતમાં જાગ્યો છે. કપિલ મુનિ માતાને કહે છે, મા, અનાદિકાળથી આ મન સંસારમાં ભટકતુ આવ્યું છે સત્સંગથી મન સુધારે છે,વાસનાનો ત્યાગ કરવા થી મન સુધરે છે. વિવેકી પુરુષો સંગ અથ આસક્તિને આત્માનું બંધન માને છે,પરંતુ એ સંગ અથવા આસક્તિ જ્યારે સંત-મહાત્મા પ્રતિ થાય છે, તો મોક્ષનું દ્વાર ખુલ્લું થઈ જાય છે માટે સત્સંગ કરવો. દેવહુતિ કહે છે કે, મને જગતમાં કયાંય સંત દેખાતા નથી. કપિલ ભગવાન કહે છે,મા,તું સંત થા,એટલે તને સંત મળશે. એકનાથ,તુકારામ,નરિસંહ ગૃહસ્થાશ્રમી હતા. તેઓ ઘરમાં રહીને સંત થયેલા છે. સંતનાં લક્ષણો જીવનમાં ઉતારો તો સંત થશો. સત્સંગ વગર સુખ મળતું નથી. સંત થયા વિના સાચા સંત મળતા નથી. દૃષ્ટિ પ્રમાણે સૃષ્ટિ બને છે. હનુમાનજીની આંખ ક્રોધથી લાલ થવાથી ધોળાં તેમને લાલ દેખાયાં હતાં. આ વાત એકનાથ મહારાજે કહી છે. તેઓ રામાયણના સુંદર કાંડની કથા કહી રહ્યા હતા.

આ સુંદરકાંડમાં સઘળું સુંદર છે. સુંદરકાંડનું નામ સુંદર એટલા માટે રાખ્યું છે કે, હનુમાનજી તેમાં માતાજીની પરાભક્તિનાં દર્શન થયાં છે. બ્રહ્મચર્ય અને રામનામની શક્તિ હોય, ત દરિયો આ સંસાર સાગર ઓળંગાય. હનુમાનજી જેવા હોય તો જ આ દરિયો ઓળંગી શકે દરિયો ઓળંગી હનુમાન અશોકવનમાં આવ્યા છે. એકનાથ મહારાજે કથામાં કહ્યું કે, હનુમાનજી જ્યારે અશોકવનાં આવ્યા છે,ત્યારે ત્યાં ના ફૂલઝાડો ઉપર ધોળાં ફૂલ ખીલી રહ્યાં હતાં. સીતાજી જ્યાં હોય તે અશોકવન. ભક્તિ જ્યાં હોય ત્યાં શોક ન હોય. એકનાથજીની આ કથા હનુમાન જી સાંભળવા આવેલા. તેમણે તરત પ્રગટ થઈ વિરોધ નોંધાવ્યો. મહારાજ, તમે ખોટું કહી રહ્યા છો. મેં તે વખતે અશોકવનમાં મારી સગી આંખોએ લો જોયેલાં. ફૂલો ધોળાં નહીં પણ રાતાં હતાં. એકનાથ મહારાજે કહ્યું, મને જેવું દેખાય છે તેવું વર્ણન કરું છું. છેવટે ઝઘડો રામચંદ્રજી પાસે ગયો. રામજીએ કહ્યું, તમે બંને સાચા છો. ફૂલો ધોળા પરંતુ હનુમાનજીની આંખો તે વખતે ક્રોધથી લાલ થયેલી હતી, એટલે એમને ફૂલો રાતાં દેખાયાં એ પણ સાચું છે. જેવી મનુષ્યની દૃષ્ટિ હશે તેવી તેને સૃષ્ટિ દેખાશે. દુર્યોધનને જગતમાં કોઈ સંત ન દેખાયો, બધા દુર્જન માલૂમ પડ્યા. ત્યારે યુધિષ્ઠિરને જગતમાં કોઈ દુર્જન ન દેખાયો, તેને બધા સજ્જન લાગ્યા. વાચક ચાહક મિત્રો, આજે કાળી ચૌદશ છે એટલે આજે સમાજ સંપ્રદાયમાં કેટલાક એવા રિવાજોના નામે કુરિવાજો ઘર કરી ગયા છે કે જેની સામે કોઈ બોલી કે ખુલાસા રૂપ તપાસ ના કરી શકે. માનવી માનવ થાય તો ઘણું.. પૃથ્વી લોક પર ક્યારેક એવા ઉદગારો સરી પડે છે ત્યારે એક સરસ વાત જે અજાણતાં રિવાજ રસમ બની ગઈ જે એકથી બીજા ઘરે મોટી થઈ મને ગમી એટલે આજે કાળી ચૌદશ તમારી સમક્ષ રજુ કરી છે.ક્યાંક આપણે ત્યાં કે આજુબાજુમાં માજીના દાતણ જેવું નથી ને ? મનુભાઈ મુંબઈથી અમદાવાદ એમના વેવાઈને ત્યાં આવેલા. બપોરનું જમવાનું વેવાઈના ઘરે હતું. આસન પાટલા ગોઠવાઈ ગયા. મનુભાઈ અને વેવાઈ જમવા આસન પર બેઠા.વીણાબેન વેવાણે થાળી પીરસવાની ચાલુ કરી. પાટલા ઉપર થાળી,વાટકી બે, ચમચી બે,ગ્લાસ વિગેરે મુકાઈ ગયું લાપસી,દૂધપાક,પૂરી,પરવળનુંશાક-દાળ, ભાત, પાપડ,અથાણાં પીરસ્યા. સાથે થાળીમાં લીમડાના દશ દાતણની ઝૂડી પણ મૂકી. મનુભાઈ આ દશ દાતણ ની ઝૂડી જોઈ અચરજ પામ્યા. પરંતુ કશું બોલ્યા નહીં. મનુભાઈ દાતણની ઝૂડી બાજુ પર મૂકી જમવાનું ચાલું કર્યું.જમીને હાથ ધોઈ સોફામાં બેઠા.મુખવાસ ખાધો.સમાજની વાતો કરી. પછી શાંતિથી વેવાઈને પૂછ્યું, વેવાઈ આ જમવાની થાળીમાં લીમડાના દશ દાતણની ઝૂડી મૂકવાનું શું કારણ? વેવાઈએ વિસ્તારથી જવાબ આપ્યો કે "મનુલાલ હું એક વાર અમારા સાઢુભાઈ સુમતિલાલને ત્યાં ગયો હતો,હું એમના ત્યાં જમવા બેઠો તો મારી થાળીમાં બાવળના નવ દાતણ મૂક્યાં. એટલે મેં અહીં એક દાતણ વધારે એટલે દશ દાતણ ની ઝૂડી મૂકી". મનુભાઈને આમાં રસ પડ્યો તો તમે વેવાઈ તમારા સાઢુભાઈને પૂછ્યું નહિ કે આ નવ દાતણ શાના મૂક્યાં.વેવાઈ કહે,મનુભાઈ મેં તો કંઈ પૂછ્યું નહિ. મનુભાઈને તાલાવેલી થઈ કે સાલું આ તો અચરજ કહેવાય. આનું રહસ્ય તો જાણવું જ પડશે. મનુભાઈ અને વેવાઈ બંને સુમતિ લાલના ઘરે ગયા. નવ દાતણ વિશે પૂછ્યું,સુમતિલાલ કહે હું મારા બનેવી બાબુલાલને ત્યાં જમવા ગયો હતો ત્યાં આઠ દાતણ મૂક્યાં હતાં. તેથી મેં એક દાતણ વધારી નવ મૂક્યાં. મનુભાઈને તાલાવેલી વધવા લાગી આઠ દાતણ મૂક્યાં હતાં તે ઘેર, સાત દાતણ મૂક્યાં હતાં તે ઘરે છ દાતણ મૂક્યાં હતાં.

# શું તણાવ માઈગ્રેનનું કારણ બની શકે છે?



આધાશીશી એ એક ન્યુરોલોજીકલ સ્થિતિ છે જે તમારા માથાની એક અથવા બંને બાજુએ ધબકારા, ધબકારા સાથે દુખાવો સહિતના વિવિધ લક્ષણોનું કારણ બની શકે છે. પીડા મોટેભાગે મંદિરોની આસપાસ અથવા એક આંખની પાછળ અનુભવાય છે. પીડા કલાકોથી દિવસો સુધી ગમે ત્યાં રહી શકે છે. જો તણાવ તમારા આધાશીશી એપિસોડ્સ માટે ટ્રિગર છે, તો તમારા તણાવના સ્ત્રોતને ઘટાડવા અથવા દૂર કરવા માટે કામ કરો. દવાઓ અને સ્વ-સંભાળના પગલાં તમને લક્ષણોમાંથી રાહત મેળવવા અને તમારા આધાશીશી હુમલાની આવૃત્તિને રોકવા અથવા ઘટાડવામાં પણ મદદ કરી શકે છે. અન્ય લક્ષણો કે જે આધાશીશીના એપિસોડ દરમિયાન થઈ શકે છે તેમાં ઉબકા, ઉલટી અને પ્રકાશ પ્રત્યે સંવેદનશીલતાનો સમાવેશ થાય છે. માઈગ્રેન એ માથાનો દુખાવો સમાન નથી. તેનું કારણ શું છે તે સારી રીતે સમજી શકાયું નથી. પરંતુ તણાવ સહિત જાણીતા ટ્રિગર્સ છે. અમેરિકન માથાનો દુખાવો સોસાયટી અનુસાર, માઈગ્રેન ધરાવતા પમાંથી ૪ લોકો ટ્રિગર તરીકે તણાવની જાણ કરે છે. ઉચ્ચ તાણના સમયગાળા પછી છૂટછાટને પણ આધાશીશી હુમલાના સંભવિત ટ્રિગર તરીકે ઓળખવામાં આવે છે. તો, તણાવ અને આધાશીશી વચ્ચે શું સંબંધ છે? અમે તમને જલ્દી સારું અનુભવવા માટે સંશોધન, લક્ષણો અને સામનો કરવાની વ્યૂહરચના સમજાવીએ છીએ. તણાવથી માઈગ્રેન એપિસોડના જોખમને ઘટાડવા માટે તમે કેટલીક બાબતો કરી શકો છો. આ વસ્તુઓ તણાવ અને આધાશીશી બંનેના કારણે થતા લક્ષણોને દૂર કરવામાં પણ મદદ કરી શકે છે. નીચેનાનો વિચાર કરો: તમારી દિનચર્યામાં આરામની કસરતોનો સમાવેશ કરો, જેમ કે યોગ અને ધ્યાન. જ્યારે તમને લાગે કે માઈગ્રેનનો એપિસોડ આવી રહ્યો છે ત્યારે અંધારાવાળી રૂમમાં આરામ કરો. પૂરતી ઊંઘ મેળવો, જે દરરોજ રાત્રે સૂવાનો સમય સતત રાખીને મેળવી શકાય છે. મસાજ ઉપચારનો પ્રયાસ કરો. તે આધાશીશીના એપિસોડ્સને રોકવામાં, કોર્ટિસોલનું સ્તર ઘટાડવામાં અને ચિંતા ઘટાડવામાં મદદ કરી શકે છે, ૨૦૦૬ના જૂના અભ્યાસ મુજબ. તે તણાવના સ્તરને ઘટાડી શકે છે અને આધાશીશી હુમલાની આવર્તન, તીવ્રતા અને લંબાઈ ઘટાડવામાં મદદ કરી શકે છે. જ્ઞાનાત્મક વર્તણૂકીય થેરાપી ઓફર કરતા ચિકિત્સકને જોવાનો વિચાર કરો.

# ડુંગળીમાંથી આ રીતે ઘરે તેલ બનાવો અને વાળમાં લગાવો, હેર ફોલ કંટ્રોલમાં થઇ જશે

આજનાં આ સમયમાં મોટાભાગના લોકોને હેર ફોલની સમસ્યા રહેતી હોય છે. હેર ફોલ સતત થવાને કારણે ટાલ પડવાના ચાન્સિસ વધારે રહે છે. આમ, તમે હેર ફોલ કંટ્રોલ કરવા ડુંગળીનું તેલ નાખો છો તો સૌથી બેસ્ટ છે. ડુંગળી વાળ માટે સૌથી બેસ્ટ સાબિત થાય છે. ડુંગળીમાંથી તમે ઘરે તેલ બનાવો છો તો વાળમાં એપ્લાય કરો છો તો હેર ફોલ તરત કંટ્રોલમાં થઈ જાય છે. આ સાથે તમારા હેરનો ગ્રોથ ફટાફટ વધવા લાગે છે. ડુંગળીમાં સલ્ફર હોય છે જે વાળને પૂરતુ પોષણ આપવાનું કામ કરે છે. તમે ડુંગળીનું તેલ વાળમાં લગાવો છો તો ખોડો પણ નહીં થાય. વાળમાં થતા ખોડામાંથી છૂટકારો મેળવવા માટે ડુંગળીનું તેલ સૌથી બેસ્ટ સાબિત થાય છે. આમ, તમે સરળતાથી ડુંગળીનું તેલ ઘરે બનાવી શકો છો. ડુંગળીનું તેલ બીજા પણ અનેક ગુણોથી ભરપૂર હોય છે. તો જાણો ડુંગળીનું તેલ કેવી રીતે ઘરે બનાવશો. ડુંગળીનું તેલ બનાવવા માટે સૌ પ્રથમ ચારથી પાંચ ડુંગળી લો અને એના કટકા કરી લો.

હવે એક બાઉલ લો જેટલું નારિયેળ તેલ તેમજ દિવેલ લો. તમે સરસિયાનું તેલ પણ લઈ શકો છો. હવે આ તેલને ફાસ્ટ ગેસે એક વાર ગરમ કરી લો. તેલ ગરમ થઈ જાય એટલે એમાં ડુંગળીના કટકા નાખી દો. ત્યારબાદ આ તેલમાં મીઠા લીમડાના પાન નાખો અને ગેસની ફ્લેમ ધીમી કરી દો. ત્યારબાદ આ તેલ અડધુ થઈ જાય ત્યાં સુધી સતત થવા દો. આમ કરવાથી તેલ ઘટ્ટ થઈ જશે.



હવે ગેસ બંધ કરી દો અને તેલને રૂમ ટેમ્પરેચર પર ઠંડુ થવા દો. તો તૈયાર છે ડુંગળીનું તેલ. આ તેલ અઠવાડિયામાં બેથી ત્રણ વાર એપ્લાય કરવાનું રહેશે. આ તેલ રાત્રે એપ્લાય કરો અને એક દિવસ પછી હેર વોશ કરી લો. આ તેલથી વાળ મસ્ત થઈ જશે. આ તેલ તમે રેગ્યુલર વાળમાં એપ્લાય કરો છો તો હેર મસ્ત થઈ જશે. તમારા વાળ બહુ ખરે છે તો તમે આ તેલ નાખવાનું શરૂ કરી દો. આ તેલથી વાળ મસ્ત સિલ્કી અને શાઈની થઈ જશે. આ તેલ વાળમાં એપ્લાય કરવાથી હેર ફોલ કંટ્રોલમાં થઈ જશે. આજકાલ નાની ઉંમરમાં વાળ સફેદ થવાની સમસ્યા જોવા મળે છે. આ સ્થિતિમાં ડુંગળીનું તેલ ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. તે વાળને સફેદ થતા અટકાવે છે અને વાળને કાળા રાખે છે.જો તમારા વાળ ઘણા ખરતા હોય તો પણ આ તેલની માલિશ તમારા માટે ખૂબ જ સારી માનવામાં આવે છે. ડુંગળીનું તેલ વાળ ખરતા અટકાવે છે અને ડેન્ડ્રફની સમસ્યાથી પણ છુટકારો અપાવે છે. ડુંગળીનું તેલ તમારા વાળ માટે વધુ સારા કન્ડિશનર તરીકે કામ કરે છે અને તમારા વાળને મુલાયમ અને ચમકદાર બનાવે છે. તેને લગાવવાથી વાળનો વિકાસ ખૂબ જ ઝડપથી થાય છે. ડુંગળીમાં સલ્ફરનું પ્રમાણ ઘણું હોય છે, જેના કારણે તે વાળને મજબૂત બનાવે છે અને તેને જાડા, લાંબા બનાવે છે. છોકરીઓને લાંબા વાળ ખૂબ જ પસંદ હોય છે. આજકાલ છોકરાઓમાં પણ આ ટ્રેન્ડ પોપ્યુલર થઈ રહ્યો છે. આવી સ્થિતિમાં ડુંગળીનું તેલ તમારા માટે મદદરૂપ થઈ શકે છે. ડુંગળીના તેલમાં એવા તત્વો હોય છે જે વાળને કાળા, લાંબા અને જાડા બનાવે છે. ડુંગળીનું તેલ બનાવવા માટે સૌ પ્રથમ ડુંગળીને છોલીને કટકા કરી લો. આ ડુંગળી વધારે મોટી નહીં, પરંતુ ઝીણી સમારવાની રહેશે. હવે કોકોનટ ઓઈલ અથવા જૈતુનનું તેલ લો અને ગરમ કરવા માટે મુકો. તેલ ગરમ થઈ જાય એટલે એમાં સમારેલી ડુંગળી નાખો અને બરાબર ગરમ થવા દો. ધુમાડા થોડા નિકળવા લાગે એટલે ગેસ બંધ કરી દો. ખાસ ધ્યાન એ રાખો કે આ બધુ ધીમા ગેસે કરવાનું રહેશે. આ તેલને ગાળીને એક બોટલમાં ભરી લો. ડુંગળીનું તેલ વાળમાં કેવી રીતે લગાવવુ જોઈએ એ જાણવું ખૂબ જરૂરી છે. તમે કોઈ પણ સમયે લગાવો છો તો એનો કોઈ વધારે ફાયદો થતો નથી. ખાસ ધ્યાન એ રાખો કે વાળમાં ડુંગળીનું તેલ લગાવતા પહેલાં તમે હેર વોશ કરી લો. હેર વોશ કરવાથી વાળમાં રહેલી ગંદકી દૂર થઈ જાય છે. હેર પ્રોપર રીતે કોરા થઈ જાય એટલે આ તેલ તમારે રાત્રે ઊંઘતા પહેલાં લગાવવાનું રહેશે.

## ચહેરા પર કરચલીઓ નહીં પડવા દે આ છોડના પાન



ગામડાઓમાં ઘણા ઔષધીય છોડ મળી આવે છે. આજે અમે એવા છોડ વિશે માહિતી લઈને આવ્યા છીએ. જે ખંજવાળ મટાડે છે, આ ઉપરાંત ત્વચાને હંમેશા જવાન રાખે છે. આપણી આસપાસ મોટી માત્રામાં જોવા મળતો આ આકડાનો છોડ આયુર્વેદમાં ખૂબ જ મહત્વપૂર્ણ દવા માનવામાં આવે છે. તેનું વૈજ્ઞાનિક નામ મદાર છે, પરંતુ ગ્રામીણ વિસ્તારોમાં તે આકડા તરીકે ઓળખાય છે. જેના ફૂલ સફેદ અને આછા જાંબલી રંગના હોય છે. જેનો ઉપયોગ માથાના દુખાવામાં અને કાનના દુખાવામાં થાય છે. તેનું દૂધ માથા પર લગાવવાથી માઈગ્રેનમાં આરામ મળે છે. આકડાના પાનનો રસ કાનમાં નાખવાથી કાનને લગતા રોગો જેવા કે કાનમાં પરુ, ટિનીટસ વગેરે મટી જાય છે. ચહેરા પરના ડાર્ક સ્પોટ્સ અને કરચલીઓ દૂર કરવા માટે અડધી ચમચી પીસી હળદર પાવડર અને બે ચમચી આકડાના પાનમાંથી દૂધ કાઢીને ગુલાબજળમાં સારી રીતે મિક્સ કરી લો. તેની પેસ્ટ ચહેરા પર લગાવો, તે ત્વચાને નરમ બનાવે છે. ધ્યાન રાખો કે આ પેસ્ટ લગાવતી વખતે તેને આંખોથી દૂર લગાવો. આ આંખો માટે ઘાતક સાબિત થાય છે. કોઈપણ પુરુષ અથવા સ્ત્રી જે તેમની ત્વચાને નરમ કરવા અને તેમના ચહેરાને વધારવા માંગે છે. તેઓ આકડાનું દૂધ અથવા તેની ડાળીઓનો રસ પણ વાપરી શકે છે.




વેકેશનમાં ગામડે જાવ તો, આ છોડનો રસ પીજો, વજન ફટાફટ ઘટી જશે, આ ખાટી આબલી અનેક બીમારીઓ માટે ફાયદાકારક છે



ખાસ કરીને ગામડાઓમાં ખાંટી આમલીના ઝાડ જોવા મળે છે. જે દરેક જણને ભાવતી હોય છે.



આ ખાટી આમલીના છોડમાં અનેક ગુણો છે, તેમાં એન્ટીઓક્સીડેન્ટ ગુણ જોવા મળે છે, તેના પલ્પમાં ફાયટોન્યુટ્રિઅન્ટ્સ જોવા મળે છે



તે શરીરમાં જમા વધારાની ચરબીને બાળવાનું કામ કરે છે, આમલીના સેવનથી શરીરમાંથી વધારાની ચરબી દૂર થાય છે અને વજન ઝડપથી ઘટે છે

## BOLLYWOOD NEWS FLASH

# લાલ સાડીમાં દુલ્હન બનીને થઇ ગઇ તૈયાર



## આમિર ખાનની દીકરીની પ્રી-વેડિંગ સેરેમની શરૂ

। મુંબઈ, તા.૧૦ ।

આમિર ખાનની લાડલી ઈરા ખાનની લગ્નની રસમો શરૂ થઈ ગઈ છે. ઈરા ખાન એના લોન્ગ ટર્મ બોયફ્રેન્ડ નૂપુર શિખરે સાથે નવેમ્બરમાં સગાઈ કરી હતી. હવે વર્ષ ૨૦૨૪માં આ બન્ને લગ્નના બંધનમાં બંધાશે. રિપોર્ટસનું માનીએ તો ઈરા અને નૂપુર જાન્યુઆરીમાં લગ્ન કરશે. હાલમાં ઈરાએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર કેટલીક તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં મહારાષ્ટ્રીયન દુલ્હન બનેલી નજરે જોવા મળશે. તસવીરોમાં ઈરા લાલ સાડીમાં મસ્ત લાગી રહી છે. આ તસવીરોમાં ઈરા ખાન લાલ સાડીમાં તૈયાર થઈ છે. તસવીરોમાં ઈરા ખાન ફૂલો અને મોતીથી બનેલી જ્વેલરીમાં જોવા મળી રહે છે. આ તસવીરો ઈરા ક્યૂટ લાગી રહી છે. ઈરા ખાનની આ તસવીરો હાલમાં ખૂબ વાયરલ થઈ રહી છે. આ તસવીરમાં ઈરા નૂપુર શિખરને કિસ કરતી જોવા મળી રહે છે. ફોટામાં નૂપુરે યલો કલરનો કુર્તો પહેર્યો છે જેમાં એ મસ્ત હેન્ડસમ લાગી રહ્યો છે. નૂપુર આ તસવીરોમાં હેન્ડસમ લાગી રહ્યો છે.

# દિવાળી પાર્ટીમાં સાડી પહેરીને આવી દિશા પટની

। મુંબઈ, તા.૧૦ ।

બોલિવૂડ એક્ટ્રેસ દિશા પટની તેની ફિલ્મો કરતાં તેના લુક્સને કારણે સોશિયલ મીડિયા પર વધુ ચર્ચામાં રહે છે. હાલમાં જ દિશા પટનીની દિવાળી પાર્ટીની તસવીરો સામે આવી છે. આ દિવાળી પાર્ટીમાં દિશા પટની ખૂબ જ બોલ્ડ લુકમાં જોવા મળી રહી છે. આ દરમિયાન દિશા પટનીએ રેડ કલરની સાડી પહેરીને સૌનું ધ્યાન ખેંચ્યું હતું. દિશા પટનીની આ તસવીરો સોશિયલ મીડિયા પર આવતાની સાથે જ વાયરલ થઈ ગઈ હતી. વાયરલ થઈ રહેલી આ તસવીરમાં દિશા પટની સાડી પહેરેલી જોવા મળી રહી છે. દિશા પટનીની આ તસવીર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. દિશા પટની આ નવા લૂકમાં ખૂબ જ બોલ્ડ લાગી રહી છે. દિશા પટનીની આ તસવીર આવતા જ છવાઈ ગઈ હતી. આ તસવીરમાં દિશા પટની ખુલ્લા વાળમાં જોવા મળી રહી છે. દિશા પટનીની આ તસવીર વાયરલ થઈ રહી છે. આ તસવીરમાં તે નમસ્તે કહેતી જોવા મળી રહી છે. દિશા પટનીની આ તસવીર ફેન્સને ઘણી પસંદ આવી રહી છે. દિશા પટનીના લુકની સાથે તેના કિલર પોઝ પણ લોકોને તેના દિવાના બનાવી રહ્યા છે. દિશા પટનીની આ તસવીર જોઈને ફેન્સ ક્રેઝી થઈ રહ્યાં છે.



## દિવાળી પર જોવા મળ્યો રિયા ચક્રવર્તીનો દેશી લુક

। મુંબઈ, તા.૧૦ ।

રિયા ચક્રવર્તી બોલિવૂડની જાણીતી અભિનેત્રી છે. તે પોતાની લવ લાઈફને કારણે ચર્ચામાં રહે છે. સુશાંત સિંહ રાજપૂતના નિધન બાદ તેનું નામ બંટી સજદેહ સાથે જોડાયું હતું. હવે એવું કહેવામાં આવી રહ્યું છે કે રિયાએ કોઈ બીજાને ડેટ કરવાનું શરૂ કરી દીધું છે. બોલિવૂડ એક્ટ્રેસ રિયા ચક્રવર્તી તેની પ્રોફેશનલ લાઈફ કરતાં તેની લવ લાઈફ માટે વધુ હેડલાઈન્સમાં રહે છે.




## સુશાંતની દુલ્હન બનવા માંગતી હતી અંકિતા લોખંડે

। મુંબઈ, તા.૧૦ ।

રિયાલિટી શો બિગ બોસ ૧૭ના કંટેસ્ટન્ટ્સ વચ્ચે લડાઈ-ઝગડા સાથે અપશબ્દોનો મારો ચાલી રહ્યો છે. આ વચ્ચે અંકિતા લોખંડે સૌથી ચર્ચિત કંટેસ્ટન્ટ બનીને સામે આવી છે. પતિ વિક્કી જૈનનું ખરાબ વર્તન હોય કે પછી દિવંગત એક્ટર સુશાંત સિંહ રાજપૂત સાથેના રિલેશન, અંકિતા ચર્ચામાં રહેવા માટે કોઈને કોઈ કારણ શોધી જ લે છે. હાલમાં જ ફરી એકવાર અંકિતાએ સુશાંત સાથે પોતાના સંબંધોને લઈને ચોંકાવનારો ખુલાસો કર્યો છે. તેણે જણાવ્યું કે તે કઈ રીતે લગ્નની પ્લાનિંગ કરી રહી હતી પરંતુ, દુલ્હો તેને છોડીને ચાલ્યો ગયો. અંકિતાએ થોડા દિવસ પહેલા જ એક્સ બોયફ્રેન્ડ અને દિવંગત એક્ટર સુશાંત સિંહ રાજપૂત સાથે કરૂણ બ્રેકઅપની સ્ટોરી સંભળાવી હતી. હાલમાં જ બિગ બોસ હાઉસમાં અંકિતા અને સમર્થ વચ્ચે પર્સનલ લાઈફને લઈને વાતચીત થઈ રહી હતી. આ દરમિયાન અંકિતાએ મા બનાવી ઈચ્છા જાહેર કરી, તે બાદ અંકિતાએ પોતાના પાસ્ટ વિશે પણ વાત કરી.





# કેટલાક ઘાવ નિશાન છોડે છે તો કેટલાક નહીં : મલાઈકા અરોરા

। મુંબઈ, તા.૧૦ ।

મલાઈકા અરોરા જ્યારે પણ કેમેરા સામે આવે એટલે ટ્રેન્ડ થવા જ લાગે છે. તેવામાં હવે મોટાભાગે યોગા અને જિમના આઉટફિટમાં જ મલાઈકા અરોરા બહાર જતી જોવા મળી હતી. તેવામાં સોશિયલ મીડિયા પર લોકોનું આકર્ષણનું કેન્દ્ર રહેલી આ મલાઈકાનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેમાં એક્ટ્રેસની ઝાંઘ પર કાળો મોટો ઈજાનો ગંભીર નિશાન જોવા મળી રહ્યો છે. આ વીડિયો વાયરલ થતા જ લોકો સવાલો ઊઠાવી રહ્યા છે કે મલાઈકાને આ ઈજા ક્યાંથી અને કેવી રીતે થઈ. આ કાળો ડાઘો ઈજાનો છે કે પછી વાત કઈક અલગ છે. જોકે ઘણી ચર્ચાઓ બાદ મલાઈકાએ સામેથી જ આની પાછળનું કારણ જણાવ્યું હતું. આ વીડિયો વાયરલ થયો ત્યારપછી યૂઝર્સ જણાવી રહ્યા હતા કે આ મલાઈકાને કેવી રીતે ઈજા પહોંચી છે. જોકે બીજી બાજુ આ ગંભીર



મલાઈકા બધાને કેમ બતાવી રહી છે એ પણ એક સવાલ છે એવું પણ લોકો કહી રહ્યા હતા. ઘણા યૂઝર્સે સલાહો આપવાનું શરૂ કર્યું કે માલાઈકા અરોરાએ પોતાના આવા ઈજાના નિશાનને ઢાંકીને રાખવા જોઈએ. હવે આ અંગે મલાઈકા અરોરાએ જ ચુપ્પી તોડીને ઘટસ્ફોટ કર્યો છે. તેણે બોમ્બે ટાઈમ્સ ફેશન વીક દરમિયાન વાતચીતમાં કહ્યું કે હું સાચ્ચે ગંભીર રીતે પડી ગઈ હતી. આના કારણે આ પ્રકારનું મોટુ નિશાન મારી ઝાંઘ પર પડી ગયું છે. હવે એમાં છુપ ાવવા જેવું મને લાગ્યુ નથી. મલાઈકાએ કહ્યું કે મારે આ ઈજા થઈ પ છી તે ભાગને ખુલ્લો રાખવાનો હતો. જો હું સ્કિન ટાઈટ કે ઢંકાઈ જાય ઈજાનો ભાગ એવું કરુ તો રૂઝ આવવામાં મુશ્કેલી થઈ શકે છે. તેવામાં મારે કોઈને બતાવવા માટે નહીં પરંતુ આ ઈજાથી મને વધારે પિડા ન થાય એના માટે આવા કપડા પહેરવા પડ્યા છે. લોકો પડી જાય છે તેમને ઈજા પહોંચે છે અને પછી તેઓ આની સારવાર

### વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીના હસ્તે

# લાખણી ખાતે નવ નિર્મિત સરકારી માધ્યમિક વિજ્ઞાન પ્રવાહ શાળા સંકુલનું લોકાર્પણ કરાયું

**અંદાજીત ૩૫૦ લાખ રૂપિયાના ખર્ચે નવ નિર્મિત સરકારી માધ્યમિક વિજ્ઞાન પ્રવાહ શાળાના લોકાર્પણ થી આસપાસના વિદ્યાર્થીઓની કારકિર્દીને નવી દિશા મળશે**



| બનાસકાંઠ, તા.૧૦ |

બનાસકાંઠા જિલ્લાના લાખણી ખાતે અંદાજીત ૩૫૦ લાખ રૂપિયાના ખર્ચે નવ નિર્મિત સરકારી માધ્યમિક વિજ્ઞાન પ્રવાહ શાળાનું આજે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી અને થરાદના ધારાસભ્યશ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતુ.

લાખણી ખાતે આવેલ સરકારી માધ્યમિક વિજ્ઞાન પ્રવાહ શાળાની મંજુરી વર્ષ ૨૦૧૬ થી મળેલ હતી. ત્યારથી આજ સુધી સરસ્વતી વિદ્યાલયમાં શાળા ચાલતી હતી. આજે આ શાળાનું મકાન ૩૫૦ લાખ રૂપિયા જેટલી માતબર રકમમાં તૈયાર થતાં તેનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સરકારી માધ્યમિક વિજ્ઞાન પ્રવાહ શાળામાં અત્યારે ધોરણ અગિયારનો એક અને ધોરણ બારનો એક એમ કુલ બે વર્ગમાં ૬૮ વિધાર્થીઓની સંખ્યા સાથે કાયમી ભરતીવાળા બે શિક્ષકો દ્વારા ચલાવવામાં આવી રહી છે.

આ પ્રસંગે વિધાનસભા અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે, લાખણી તાલુકાની આ એક જ સરકારી માધ્યમિક વિજ્ઞાન પ્રવાહની શાળા છે જ્યાં કોઈપણ જાતની ફી લેવામાં આવતી નથી. જેથી કરીને લાખણી તેમજ આજુબાજુના ગામોમાંથી હોશિયાર વિદ્યાર્થી પોતાની કારકિર્દી ઘડતર માટે વિના મુલ્યે ભણી શકશે તેમજ તેમની કારકિર્દી ને નવી દિશા મળશે એવું અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું. બાળકોના શિક્ષણ પર ભાર મૂકતાં અધ્યક્ષશ્રીએ શિક્ષણની અપીલ સાથે સાથે વાલીઓને વ્યસન થી દુર રહેવાની પણ ખાસ ટકોર કરી હતી. આ ઉદ્ઘાટન પ્રસંગે બનાસકાંઠા સાંસદશ્રી પરબતભાઈ પટેલ, દિયોદર ના ધારાસભ્યશ્રી કેશાજી ચૌહાણ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ડો. નરેન્દ્રસિંહ ચાવડા, લાખણી મામલતદાર શ્રી ગોહેલ, જિલ્લા તેમજ તાલુકા ભાજપના આગેવાનશ્રીઓ કનુભાઈ વ્યાસ, બાબરાભાઈ ચૌધરી, તેજાભાઈ રાજપૂત હેમરાજભાઈ પટેલ, બનાસ ડેરીના સદસ્યશ્રી ધુડાભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ તેમજ શિક્ષણ વિભાગના અધિકારીઓ આજુબાજુ શાળા ના આચાર્ય શ્રીઓ, વાલીઓ અને વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલોદ કોલેજને રમત ગમત ક્ષેત્રે ખેલાડીઓએ ગૌરવ અપાવ્યું



**પંકજ પંડિત**

| ઝાલોદ, તા.૧૦ |

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરા આંતર કોલેજ વિવિધ સ્પર્ધાઓ જેવી કે ૧૦ કિમી દોડ, ખો - ખો, કબડ્ડી, ફુટબોલ જેમાં ભાઈઓ અને બહેનોએ ઉત્સાહ ભેર ભાગ લઈ ઉત્કૃષ્ટદેખાવકરીઉપરોક્તરમતો માંથી રાષ્ટ્રીય કક્ષાએ રમવા માટે યુનિવર્સિટીની ટીમમાં પસંદગી પામી દસ (૧૦) ખેલાડીઓ રમવા જનાર છે. તમામ ખેલાડીઓને સંસ્થાના ઉપપ્રમુખ રાવ, આચાર્યશ મધુકર અને શારીરિક શિક્ષણ નિયામક ડો. બહાદુરસિંહ ગોહિલે કોલેજ અને ઝાલોદનું ગૌરવ વધારનાર સૌ ખેલાડીઓને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.

# દીપેશભાઈ પટેલ દ્વારા તામ્રપત્રોને જિલ્લા કલેક્ટર અને અંબાજી મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ વરુણ કુમાર બરનવાલને સુપ્રત કરવામાં આવ્યા

| પાલનપુર, તા.૧૦ |

જય ભોલે ગ્રુપ અમદાવાદના દીપેશભાઈ પટેલ દ્વારા શ્રી યંત્રમાં વર્ણવેલા મંત્રોનું તામ્રપત્ર પર લેખન કરવામાં આવ્યું છે. જેને આજરોજ પાલનપુર ખાતે જિલ્લા કલેકટરશ્રી અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેનશ્રી વરુણ કુમાર બરનવાલને અર્પણ કરવામાં આવ્યા હતા. જે શક્તિપીઠ અંબાજી મંદિર ખાતે સ્થાપિત વિશ્વના સૌથી મોટા શ્રી યંત્ર સાથે રાખવામાં આવશે.

શ્રુંગેરી મઠના આદિ શંકરાચાર્ય દ્વારા રચિત "તંત્ર રાજ તંત્ર" ગ્રંથમાં શ્રી વિદ્યાના ભાગરૂપે શ્રી યંત્ર નું વર્ણન કરવામાં આવ્યું છે. જેમાં શ્રી યંત્રની દેવી લલિતાસુંદરીના વિવિધ દેવી સ્વરૂપ નો એક એક મંત્ર લખવામાં આવેલો છે. આ પ્રાચીન અને દુર્લભ મંત્રોની પરંપરાને પુનઃજાગૃત અને પુનઃસ્થાપિત કરવાના ભાવ સાથે જય ભોલે ગ્રુપ અમદાવાદના દીપેશભાઈ પટેલ દ્વારા તામ્રપ ત્ર પર કંડારવામાં આવ્યા છે.

તામ્રપત્ર પર શ્રી યંત્રના મંત્રોના લેખન દ્વારા અંબાજી ખાતે સ્થાપિત શ્રી યંત્રની ઐતિહાસિકતા અને પ્રાચીનતા સાથે ભારતીય આધ્યાત્મિક પરંપરાને જોડી આપણી સંસ્કૃતિની ધાર્મિક ધરોહરને સાચવી રાખવાનું અદભુત કાર્ય દીપેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું છે. જિલ્લા કલેકટરશ્રી અને અંબાજી મંદિર ટ્રસ્ટના અધ્યક્ષશ્રી વરુણ કુમાર બરનવાલે પણ દીપેશભાઈ પટેલની મા અંબા પ્રત્યેની શ્રદ્ધા



અને શ્રી યંત્ર પ્રત્યેની તેમની અનન્ય ભક્તિ ને બિરદાવી હતી.

દીપેશભાઈ પટેલે આ પ્રસંગે પોતાની જાતને સૌભાગ્યશાળી ગણાવી મા અંબાની વિવિધ પ્રકારે સેવા પૂજા કરવાનો અનન્ય લ્હાવો મળ્યો તેને મા અંબાની કૃપા દ્રષ્ટિ ગણાવી હતી. તેમજ શ્રી યંત્ર અને તેના મંત્રોના મહત્વ વિશે જણાવતાં શ્રી યંત્રમાં વર્ણવેલા મંત્રોને તામ્રપત્ર પર લખી પ્રાચીન ધરોહરને અંબાજી ખાતે અર્પણ કરી ખુશીની લાગણી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે અંબાજી મંદિર ટ્રસ્ટના વહીવટદાર સુશ્રી સિદ્ધિ વર્મા તથા જય ભોલે ગ્રુપના ચિંતન પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. ૫૧ શક્તિપીઠમાં અંબાજી શક્તિપીઠ પ્રમુખ સ્થાન ધરાવે છે. જ્યાં જગતજનની મા અંબા હૃદયસ્થ છે. આથી શ્રી યંત્ર અને તેના દુર્લભ મંત્રો લાખો માઈભક્તોની શ્રદ્ધા આસ્થામાં વધારો કરશે અને શક્તિપીઠ અંબાજી ની આધ્યાત્મિક ઉર્જામાં નવી શક્તિનો સંચાર થશે જેનો લાભ લાખો માઈભક્તોને મળશે અને ભક્તોના કષ્ટ, સંકટ દૂર થઈ ભક્તોની સુખ શાંતિ અને સમૃદ્ધિમાં વધારો થશે.

# રાજપીપળા ખાતે આરોગ્યની દેવી ધનવંતરી પૂજન કરાયું



**દીપક જગતાપ**

| રાજપીપળા, તા.૧૦ |

આજે ધનતેરસ ના દિવસે રાજપીપલા સરકારી આયુર્વેદીક ફાર્મસી ખાતે ભગવાન ધનવંતરીનું પૂજન કરાયું હતું અને ભગવાનને પ્રાર્થના કરી કે સૌ નિરોગી અને સ્વસ્થ રહેએવી પ્રાર્થના કરી હતી.

આર્યુવેદમાં સ્વસ્થ શરીરને જ ધનસંપત્તિ માની છે. કહેવત પણ છે. 'પહેલું સુખ તે જાતે નરવાં, અને બીજું સુખ તે ઘરમાં માયા !' ત્યારે માનવ સમાજે ધનદોલત, સંપત્તિ જેવી ભૌતિક સુવિધાઓ અને શરીર સ્વસ્થને સુખ માને છે. ઋષિમુનિઓ દ્વારા ધનતેરસનેદિવસે રાજપીપલા વડિયા પેલેસ ખાતે ધન્વંતરી પૂજન સમયે સ્વસ્થ રહેવાની પ્રાર્થના કરી હતી

આ પ્રસંગે જિલ્લા આયુર્વેદ અધિકારી ડૉ. નેહાબેન પરમારે જણાવ્યું હતું કે સરકાર નો ઉદ્દેશ છેકે આયૂષ ચિકિત્સાનો મહત્તમ લોકો ભાગ લે નર્મદા માં આયૂસ મેળા યોજી આયૂસ ચિકિત્સા અંગે જાણકારી આપી છે.અને સારવાર આપી છે.આજે ભગવાન ધન્વંતરિ પૂજન કરી પ્રાર્થના કરી કે સૌ નિરોગી રહે સ્વસ્થ રહેએવી પ્રાર્થના કરી હતી.

### મહિસાગર જિલ્લા પંચાયત ખાતે જિલ્લા વિકાસ અધિકારી

# ચંદ્રકાંત પટેલની ઉપસ્થિતિમાં મફત સર્વરોગ આયુર્વેદિક -હોમીયોપેથીક નિદાન સારવાર કેમ્પ યોજાયો

**મહીસાગર જિલ્લા પંચાયત કચેરી ખાતે ધનતેરસના દિવસે શ્રી ધન્વંતરી પૂજન કરવામાં આવ્યું**



| મહિસાગર, તા.૧૦ |

"રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ-૨૦૨૩" "૮મો આયુર્વેદ દિવસની ઉજવણી" ના ભાગરૂપે "આયુર્વેદ ફોર વન હેલ્થ" વિષય પર આયુર્વેદ ફોર એવરી વન ફોર એવરી ડે (હર દિન હર કિસીકે લિયે આયુર્વેદ) થીમ અંતર્ગત ગુજરાત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા નિયામકશ્રી, આયુષની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તથા જીલ્લા વિકાસ અધિકારીશ્રી મહીસાગરનાં માર્ગદર્શન હેઠળ જીલ્લા આયુર્વેદ અધિકારીશ્રીની કચેરી આયુર્વેદ શાખા જીલ્લા પંચાયત કચેરી મહીસાગર દ્વારા આયોજિત મફત સર્વરોગ આયુર્વેદિક / હોમીયો પેથીક નિદાન સારવાર કેમ્પ " મહીસાગર જિલ્લા પંચાયત ખાતે પ્રજાજનોની આરોગ્ય સુખાકારી હેતુ જિલ્લા વિકાસ અધિકારીશ્રી ચંદ્રકાંત પટેલે ધનતેરસના દિવસે શ્રી ધન્વંતરી પૂજન કરી ખુલ્લો મૂક્યો હતો.

આ મેળાનો લાભ જીલ્લા પંચાયત કચેરી મહીસાગર, કલેકટર કચેરી મહીસાગર, પોલીસ અધિક્ષકની કચેરી મહીસાગર, મામલતદાર કચેરી લુણાવાડાનાં તમામ અધિકારીશ્રીઓ – કર્મચારીશ્રીઓ માટે તથા નાગરિકો માટે આયોજન કરવામાં આવેલ છે, જેનો દરેક અધિકારીશ્રીઓએ, કર્મચારીશ્રીઓએતથા નાગરિકોને લાભ લેવા જિલ્લા વિકાસ અધિકારીશ્રી ચંદ્રકાંત પટેલે અપીલ કરી.

આ કેમ્પમાં શરીરની તમામ બિમારીઓ તથા તમામ પ્રકારના જુના હઠીલા રોગો જેમ કે કબજીયાત, એસીડીટી, જુનો તાવ, સર્દી, દમ, ખાંસી, ખસ, ખરજવું કમરનો દુખાવો, માસિકમાં તકલીફ તથા વ્યધત્વ જેવા શરીરના તમામ રોગોની આયુર્વેદિક / હોમીયોપેથીક પધ્ધતી દ્વારા સંપૂર્ણ મફત નિદાન કરી મફત દવા આપવામાં આવશે તથા આયુર્વેદને લગતા ચાર્ટનું પદર્શનનું આયોજન કરવામાં આવેલ છે રોગપ્રતિકારક શક્તિવર્ધક, અમૃતપેય, આયુર્વેદીક ઉકાળો તથા સંશમની વટી તથા આર્ગેનીક આલ્બમ-૩૦ નું મફત વિતરણ કરવામાં આવશે. આ મેળામાં જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી રણજીતસિંહ નિનામા સહિત આયુર્વેદિક અને હોમિયોપેથી તબીબો સહિત કર્મચારીગણ અને લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# વડોદરા શહેરમાં મુખ્ય દંડકશ્રીના હસ્તે શ્રમયોગી અન્નપૂર્ણા યોજના અંતર્ગત ૯ ભોજન વિતરણ કેન્દ્રોનો કરાયો પ્રારંભ



| વડોદરા, તા.૧૦ |

ગુજરાત રાજયના મકાન અને અન્ય બાંધકામ શ્રમિકો માટે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે રાજ્યભરમાં શુભારંભ કરવામાં આવ્યો છે. વડોદરા શહેર તથા જિલ્લામાં મુખ્ય દંડક શ્રી બાલકૃષ્ણ શુકલના હસ્તે નવા ૯ ભોજન વિતરણ કેન્દ્રોની શરૂઆત કરવા માટે શહેરના વાસ્વિક ઓડિટોરિયમ ખાતે કાર્યક્રમ યોજાયો હતો.

વડોદરા શહેરમાં રેલ્વે સ્ટેશન પાસે, સમન્વય પાર્ક, માણેજા અને બાજવા વિસ્તારના કડિયાનાકા પાસે ભોજન વિતરણ કેન્દ્રોની શરૂઆત કરવામાં આવી છે. જ્યારે વડોદરા જિલ્લામાં પાદરા, સાવલી, મંજુસર અને ડભોઇના કડીયાનાકા વિસ્તારમાં નવા ભોજન વિતરણ કેન્દ્રોની ખુલ્લા મુકવામાં આવ્યા છે.

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે જણાવ્યું કે આ યોજના હેઠળ રોજગાર માટે શહેરોમાં સ્થળાંતર થયેલ કામદારોને પાંચ રૂપિયા જેવી નજીવી કિંમતે પૌષ્ટિક આહાર આપવા માટેની યોજના છે. વધુમાં આ સાથે વિવિધ યોજનાઓ થકી સરકાર શ્રમયોગી તથા તેના પરિવારના આરોગ્ય, શિક્ષણ, આવક અને સુવિધાઓની દરકાર કરી રહી છે તેમ તેમણે ઉમેર્યુ હતું. વધુમાં શ્રી શુકલે જણાવ્યું કે પહેલા શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત ૧૦ રૂપિયામાં જમવાનું મળતું હતું. હવે સરકારે ફક્ત પાંચ જ રૂપિયામાં આખું ટિફિન આપીને શ્રમયોગીની સુવિધામાં વધારો કર્યો છે.

આ કાર્યક્રમમાં અન્નપૂર્ણા યોજના અંતર્ગત ભોજન વિતરણ કેન્દ્ર મુખ્ય દંડકશ્રીના હસ્તે ખુલ્લું મુકાયું હતું. શ્રમયોગીના ઉત્કર્ષ માટે શ્રમ કાર્ડ,શ્રમયોગી શિક્ષણ સહાય યોજના, પ્રસૂતા સહાય યોજના, વીમા કવચ, આકસ્મિક મૃત્યુ સહાય તથા અન્ય યોજનાઓના લાભો તથા હકક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

શ્રમયોગી અન્નપૂર્ણા યોજનાના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલ રાજ્ય કક્ષાના કાર્યક્રમને જીવંત નિહાળ્યું હતું. વધુમાં શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ ની દસ્તાવેજી ફિલ્મ તથા વિવિધ યોજનાઓને લગતી માહિતી આપવામાં આવી હતી.

# ભરૂચમાં રાજ્યકક્ષાના મંત્રી મુકેશભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં બાંધકામ શ્રમિકો માટે શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો શુભારંભ કરાયો

| ભરૂચ, તા.૧૦ |

રાજ્યકક્ષાના વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુકેશ ભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં બાંધકામ શ્રમિકો માટે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ સંચાલિત શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો પ્રારંભ ડૉ. બાબાસાહેબ આંબેકર હોલ ખાતેથી કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધન જણાવ્યું કે,દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સતત દેશના છેવાડાના નાગરિકો વિકાસ માટે સતત સંવેદના દાખવી છે. દેશના વિકાસનાપાયામાંવિશેષયોગદાન આપે છે તેમને માટે શ્રમિક અન્નપૂર્ણા યોજનાનું અમલી કરણ કરાયું હતું.જેના પગલે માત્ર ૫ રૂપિયામાં જ શ્રમિક તથા તેમના પરિવારોને પૌષ્ટિક ભોજન આપવામાં આવે છે.

જેમાં રોટલી, શાક, કઠોળ, ભાત, અથાળું, મરચા અને ગોળનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત સપ્તાહમાં એક વાર સુખડી જેવા મિષ્ટાન્નનો પણ સમાવેશ કરાયો છે. આમ,સંપૂર્ણ આરોગ્યલક્ષી પૌષ્ટીકો આહાર આપીને શ્રમિકોના આરોગ્યની દરકાર રાજ્ય સરકાર લે છે. તેમ તેમને જણાવ્યું હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારો આવેશપૂર્ણ સ્વભાવ તમારી માટે સ્વાસ્થ્યને લગતી ગંભીર સમસ્યા ઊભી કરે શકે છે. આ રાશિ ના વેપારીઓ ને આજે પોતાના ઘર ના તે સભ્યો થી દૂર રહેવું જોઈએ જે લોકો ઉધારી પૈસા માંગે તો છે પણ પાછા નથી આપતા? મિત્રો તમને સહકાર આપનારા જણાશે-પણ તમે જે બોલો છો તે અંગે તકેદારી રાખજો. આજે કોઈક તમારા પ્રેમની વચ્ચે આવી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. તમારા મૂડીરોકાણ તથા ભાવિ ધ્યેયો વિશે ગુપ્તતા જાળવો. તમે જેની દરકાર કરો છો એવી કોઈક નિકટની વ્યક્તિ સાથે સંવાદનો અભાવ આજે તમને હતાશ કરી મુકશે. પ્રિયતમ આજે તમારી પાસે થી કંઇ માંગ કરી શકે છે પરંતુ તમે તે પૂરા કરી શકશો નહીં.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. વગર સૂચના કોઈ દેણદાર આજે તમારા એકાઉન્ટ માં પૈસા નાખી શકે છે જેના લીધે તમે આશ્ચર્યચકિત અને ખુશ થયી શકો છો? લોકો તથા તેમના આશય વિશે ઝડપી અભિપ્રાય બાંધશો નહીં- તેઓ તાણ હેઠળ હોઈ શકે અને શક્ય છે કે તેમને તમારી સહાનુભૂતિ તથા સમજની જરૂર હોય.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. આજ નો દિવસ પ્રેમ ના રંગો માં ડૂબી જશે, પરંતુ રાત્રિ દરમિયાન તમે કોઈ જૂની બાબતે ઝઘડો કરી શકો છો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમે નવરાશની લહેજત માણવાના છો. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. આજના તમારા વર્તનને કારણે તમારી સાથે રહેતી વ્યક્તિ તમારાથી અત્યંત નારાજ થશે. કેટલાક માટે ભેટો તથા ફૂલોથી સભર રૉમેન્ટિક સાંજ જોવાય છે. કામના સ્થળે આજે કોઈ તમારી યોજનાઓમાં ભંગાણ પાડવાનો પ્રયાસ કરશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે હવાઈ કિલ્લા રચવાથી તમને ફાયદો નહીં થાય. પરિવારના સભ્યોની અપેક્ષા પર પાર ઉતરવા માટે તમારે કશુંક કરવું જોઈએ. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. મુશ્કેલીના સમયમાં તમારી મદદ કરનારા સંબંધીઓ તરફ તમારી કૃતજ્ઞતા વ્યક્ત કરો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારા જીવનસાથીનું વફાદાર હૃદય અને હિંમતવાન મનોબળ તમને કદાચ આનંદ આપ શે. જીવનસાથી જોડે પૈસા થી સંબંધિત મુદ્દા વિષે દલીલ થયી શકે છે. આજે તમે ફિજૂલખર્ચી વિષે પોતાના જીવન સાથી ને ભાષણ પણ આપી શકો છો? તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. આજે તમારે તમારા દૈનિક સમયપત્રકમાંથી બ્રેક લઈ તમારા મિત્રો સાથે બહાર જવું જોઈએ.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે થોડી મોજ-મજા માટે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે. પરિવારના સભ્યો સહકાર આપશે પણ તેમની માગો પણ વધુ હશે. રૉમેન્ટિક પ્રભાવ આજે ખૂબ જ પ્રબળ હોવાની શક્યતા છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગી સાબિત થશે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. તમારા પ્રેમને કોઈ મહામૂલી જણસની જેમ તાજો રાખો. નવા પ્રસ્તાવો લલચાવનારા હશે પણ કોઈ ઉતાવળા નિણર્ણયો ન લેવા એ સમજદારીભર્યું નહીં સાબિત થાય.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. આર્થિક સંકળામણથી બચવા માટે તમારા બજેટને વળગી રહો. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. તમારા પ્રિયપાત્રને આજે આખો દિવસ તમારી ગેરહાજરી ખૂબ જ ખટકશે. એકાદ સરપ્રાઈઝનું આયોજન કરો અને આજના દિવસને તમારા જીવનનો સૌથી સુંદર દિવસ બનાવો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારી માટે આધ્યાત્મિકતાની મદદ લેવા માટેનો સમય પાકી ગયો છો કેમ કે તમારી માનસિક તાણ પર સામો હુમલો કરવાનો એ શ્રેષ્ઠ વિકલ્પ છે. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો.

### સેન્સેક્સમાં ૭૨ અને નિફ્ટીમાં ૩૦ પોઈન્ટનો ઊછાળો

# રોકાણકારોને ચાંદી, સંપત્તિમાં વધુ રૂપિયા ૫૭,૦૦૦ કરોડનો વધારો

## બેન્કિંગ, ફાર્મા, એફએમસીજી, મેટલ્સ, એનર્જી, કોમોડિટી, ઓઈલ અને ગેસ સેક્ટરના શેરો વધ્યા

। મુંબઈ, તા.૧૦ ।

૩ દિવસના કંન્સોલિડેશન પછી બજારમાં ઉછાળો જોવા મળ્યો હતો અને સેન્સેક્સ અને નિફ્ટી નીચલા સ્તરેથી સુધરીને બંધ થયા હતા. આજના કારોબારમાં મિડકેપ, સ્મોલકેપ સૂચકાંકો ઉછાળા સાથે બંધ થયા છે. મેટલ, પીએસઈ, ઈન્ફ્રા, રિયલ્ટી ઈન્ડેક્સ વધીને બંધ થયા છે. ઓટો, આઈટી શેર દબાણ હેઠળ રહ્યા હતા.

સેન્સેક્સ ૭૨.૪૮ પોઈન્ટ અથવા ૦.૧૧ ટકાના વધારા સાથે ૬૪,૯૦૪.૬૮ પર બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી સેન્સેક્સ ૪૭.૪૦ પોઈન્ટ અથવા ૦.૨૪ ટકાના વધારા સાથે ૧૯,૪૪૨.૭૦ ના સ્તર પર બંધ થયો હતો.દિવાળીના મુહૂર્તના એક દિવસ પહેલા ટ્રેડિંગ સેશનમાં શેરબજાર લીલા નિશાનમાં બંધ થયું હતું. ધનતેરસ નિમિત્તે સવારથી જ બજારમાં વધઘટ જોવા મળી રહી હતી. પરંતુ દિવસના કામકાજના



અંત પહેલા મની કરન્સી પર રોકાણકારો દ્વારા ખરીદીને કારણે બજારે ફરી ગતિ પકડી હતી. આજના કારોબારના અંતે બીએસઈ સેન્સેક્સ ૭૨ પોઈન્ટના ઉછાળા સાથે ૬૪,૯૦૪ પોઈન્ટ પર બંધ રહ્યો હતો. જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૩૦ પોઈન્ટના ઉછાળા સાથે ૧૯,૪૨૫ પોઈન્ટ પર બંધ થયો હતો. આજના કારોબારમાં બેન્કિંગ, ફાર્મા, એફએમસીજી, મેટલ્સ, એનર્જી, કોમોડિટી, ઓઈલ અને ગેસ સેક્ટરના શેરોમાં ઉછાળો જોવા મળ્યો હતો. જ્યારે આઈ, ઓટો, મીડિયા હેલ્થકેર અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સનાં શેરમાં ઘટાડો જોવા મળ્યો છે.

આજના સેશનમાં મિડ કેપ અને સ્મોલ કેપ શેરોમાં તેજી જોવા મળી હતી. નિફ્ટીના બંને ઈન્ડેક્સ લીલા નિશાનમાં બંધ થયા હતા. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૧૩ વધ્યા અને ૧૭ નુકસાન સાથે બંધ થયા. જ્યારે નિફ્ટીના ૫૦ શેરોમાં ૩૦ શેરો ઉછાળા સાથે અને ૨૦ ઘટાડા સાથે બંધ થયા હતા. ધનતેરસના અવસર પર શેરબજારમાં ખરીદીને કારણે રોકાણકારોની સંપત્તિમાં ઉછાળો આવ્યો છે. આજના વેપારમાં, બીએસઈ પર લિસ્ટેડ કંપનીઓની માર્કેટ મૂડી વધીને રૂ. ૩૨૦.૩૧ લાખ કરોડ થઈ છે, જે અગાઉના સત્રમાં રૂ. ૩૧૯.૭૪ લાખ કરોડ હતી. આજના વેપારમાં રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૫૭,૦૦૦ કરોડનો વધારો થયો છે.

### ભારત સાથેના બગડેલા સબંધ સુધારવા કેનેડાનો પ્રયાસ

# કેનેડા સરકારે દિવાળી સમયે નવી ટપાલ ટિકિટ જાહેર કરી

। ટોરેન્ટો, તા.૧૦ ।

ભારત સાથે બગડેલા સંબંધો સુધારવા કેનેડા સરકારે ગુરુવારે દિવાળી સમયે નવી ટપાલ ટીકીટ જાહેર કરી હતી. કેનેડા સરકાર છેલ્લા પાંચ વર્ષથી દિવાળી સમયે ટપાલ ટીકીટ બહાર પાડે છે. ૨૦૧૭માં કેનેડામાં પહેલી વખત દિવાળી સમયે ટપાલ ટીકીટ જાહેર કરવામાં આવી હતી. કેનેડામાં દિવાળી ઉજવતા હિંદુ, બૌદ્ધ, જૈન અને શીખ સમુદાયના લોકોવધુ પ્રમાણમાં રહે છે. આ ટપાલ ટીકીટ ક્રિસ્ટીન ડો દ્વારા ડીઝાઈન કરવામાં આવી છે અને તેના પર ચિત્રકારી રેના ચેન દ્વારા કરવામાં આવી હતી. આ ટીકીટ કેનેડાના ટપાલ વિભાગ







દ્વારા જાહેર કરવામાં આવી છે. આ સ્ટેમ્પ માં પીળા અને કેસરી રંગોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ગલગોટાના ફૂલો અને કેરીના લીલા પાંદડા પણ દર્શાવવામાં આવ્યા છે. કેનેડા સરકાર દ્વારા જાહેર કરાયેલ સ્ટેમ્પ પર દીવા દર્શાવવામાં આવ્યા છે. આ ટપાલ ટિકિટ એક વિશેષ બુકલેટમાં જાહેર કરવામાં આવી છે, જેની કિંમત ૫.૫૨ કેનેડિયન ડોલર એટલે કે ૩૪૦ રૂપિયા રાખવામાં આવી છે. આ પહેલા રવિવારે કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટૂડો ઓટાવાના પાર્લામેન્ટ હિલ ખાતે દિવાળીની ઉજવણીમાં દેશના ભારતીય સમુદાય સાથે જોડાયા હતા. આ સાથે કેનેડાના વિપક્ષી નેતા પિયરે પોઈલીવરે અને કેનેડામાં ભારતના રાજદૂત સંજય કુમાર વર્મા વગેરેએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાના કારણે કેનેડા અને ભારતના સંબંધોમાં ખટાશ આવી ગઈ છે.

### એપ્રિલ ૨૦૨૪ સુધીમાં અલ નીનો શક્તિશાળી રહેશે

# એપ્રિલ ૨૦૨૪માં હીટવેવથી જનજીવન પ્રભાવિત થશે

## ડબલ્યુએમઓએ ક્લાઈમેટ ચેન્જ અને અલ નીનોની અસરને કારણે આ સમસ્યા ઊભી થવાની શક્યતા જણાવી

। નવી દિલ્હી, તા.૧૦ ।

૨૦૨૩ની સરખામણીમાં ૨૦૨૪માં ઉનાળો વધુ આકરો થવાની સંભાવનાઓ છે. એપ્રિલ ૨૦૨૪ સુધીમાં અલ નીનો શક્તિશાળી રહેશે, જેના કારણે હીટ વેવથી જનજીવન પ્રભાવિત થશે.

હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે તાપમાનમાં ફેરફાર થતા કૃષિ પણ પ્રભાવિત થશે. જેના કારણે ખોરાકની અછતની સમસ્યા પણ સર્જાઈ શકે છે. ડબલ્યુએમઓએ ક્લાઈમેટ ચેન્જ અને અલ નીનોની અસરને કારણે આ સમસ્યા ઊભી થવાની શક્યતા જણાવી હતી. જેના કારણે અમુક વિસ્તારમાં અતિવર્ષા પણ થઈ શકે છે. આ સિવાય હીટ વેવનો સૌથી વધુ પ્રભાવ પણ જોવા મળી શકે છે. જેના કારણે જંગલોમાં આગ લાગવાની ઘટના પણ સંભવી શકે છે. અમેરિકન રિસર્ચ સેન્ટર નાસા અને વિશ્વ હવામાન સંસ્થાના વૈજ્ઞાનિકોએ પણ ૨૦૨૪માં હવામાનની સ્થિતિને લઈને ચેતવણી જાહેર કરી છે. ૨૦૧૬ની સરખામણીએ ૨૦૨૩ સૌથી ગરમ વર્ષ રહ્યું છે અને ૨૦૨૪માં સૌથી ગરમ વર્ષ બની શકે છે તેવી માહિતી નાસા દ્વારા આપવામાં આવી છે. સંસ્થાનું કહેવું છે કે, ક્લાઈમેટ ચેન્જ અને અલ નીનોની અસરને કારણે દુનિયામાં આ પ્રકારની સ્થિતિ સર્જાઈ રહી છે. હાલમાં અલ નીનો સક્રિય હોવાથી તેની અસરના ભાગરૂપે તાપમાનમાં વધારો જોવા મળી રહ્યો છે. તે આવતા વર્ષે એપ્રિલ સુધી ૯૦ ટકા સક્રિય રહેવાની ધારણા છે. અલ નિનોની રચનાને કારણે આવનાર ચોમાસાને પણ અસર થઈ છે. પેસિફિક મહાસાગરમાં અતિશય ગરમીના કારણે પાણીનું સ્તર વધી રહ્યું છે અને વિવિધ સ્થળોએ સમુદ્ર કિનારા ઓછા થઈ રહ્યા છે. વિવિધ સ્થળોએ બરફ પણ પીગળી રહ્યો છે. જેના કારણે દિવસેને દિવસે દુર્ઘટના વધી રહી છે. આવી સ્થિતિમાં, આ વર્ષે પેસિફિક મહાસાગરમાં સમુદ્રનું તાપ માન સામાન્ય કરતા ૨ ડિગ્રી વધુ રહેવાની સંભાવના છે, આવી સ્થિતિમાં તે સુપર અલ નીનોમાં ફેરવાઈ જવાની પણ સંભાવના છે.

અલ નીનોને કારણે, કૃષિ ક્ષેત્રે હાલાકી ભોગવવી પડશે અને ખાદ્યપદાર્થોની અછત જેવી પરિસ્થિતિ ઊભી થશે. આવી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પર્યાવરણ નિષ્ણાતો દ્વારા તેનો સામનો કરવા બાબતે મહત્વ આપી રહ્યા છે. જેમના મુજબ આવી પરિસ્થિતિનો સામનો કરવા માટે આબોહવા અનુરૂપ ખેતી કરવાની જરૂર છે.

### દેશના મોટા શહેરોમાં ટ્રાફિકની વિકરાળ સમસ્યા

# દેશમાં એર ટેક્સી શરૂ થશે, ૯૦ મીનિટની સફર માત્ર ૭ મિનિટમાં થશે

## ઇન્ટરગ્લોબ એન્ટરપ્રાઇઝે જાહેરાત કરી છે કે ૨૦૨૬ સુધીમાં ભારતના કેટલાક શહેરોમાં ઓલ-ઇલેક્ટ્રિક એર ટેક્સી શરૂ કરશે

। નવી દિલ્હી, તા.૧૦ ।

ભારતમાં હજારોની સંખ્યામાં દરરોજ નવા વાહનો રસ્તા પર ઉતરી રહ્યાં છે. રસ્તાઓ અને જમીન-ક્ષેત્રફળ એટલું જ છે પરંતુ પબ્લિક ટ્રાન્સપોર્ટને બદલે વ્યક્તિગત વાહન ચલાવવાની ચેષ્ઠા દિવસેને દિવસે વધી રહી છે તેથી મોટાભાગના શહેરોમાં ટ્રાફિક જામની ભારે સમસ્યા ઉભી થઈ છે. આ ટ્રાફિકજામને કારણે હવા પ્રદૂષણ, ધ્વનિ પ્રદૂષણ સહિતના અનેક પડકારો માનવજીવન સામે ઉભા થઈ રહ્યાં છે પરંતુ આપણે આ તરફ જ આગળ વધી જ રહ્યાં છીએ. જોકે સમય સાથે આ સમસ્યાનું નિવારણ લાવવા પર અનેક પ્રયાસો થઈ રહ્યાં છે. ભારતના હવાઈક્ષેત્ર પર રાજ કરતી કંપની હવે ટૂંક સમયમાં ટ્રાફિકની ઝંઝટમાંથી પણ મુક્તિ આપશે અને અંદાજે ૯૦ મિનિટની સફર માત્ર ૭ મિનિટમાં પુરૂં કરી આપશે.

એક ભારતીય કંપની ઈન્ટરગ્લોબ એન્ટરપ્રાઈઝે જાહેરાત કરી છે કે ૨૦૨૬ સુધીમાં ભારતના કેટલાક શહેરોમાં ઓલ-ઈલેક્ટ્રિક એર ટેક્સી શરૂ કરશે. ઈન્ટરગ્લોબ એન્ટરપ્રાઈઝમાં ભારતની દિગ્ગજ ઈન્ડિગો એરલાઈન્સ અને અમેરિકાની આર્ચર એવિએશનનું રોકાણ છે. ઈન્ટરગ્લોબ એન્ટરપ્રાઈઝે કહ્યું કે તેઓ ઈલેક્ટ્રિક એરક્રાફ્ટનો ઉપયોગ કરશે જે હેલિકોપ્ટરની



જેમ વર્ટિકલ ટેકઓફ અને લેન્ડિંગ કરી શકે છે. તેને ચલાવવા માટે રનવેની જરૂર નથી. કંપનીના જણાવ્યા અનુસાર તે શહેરી ટ્રાફિકમાં ક્રાંતિકારી પરિવર્તન લાવશે. આ રીફોર્મ મુસાફરી માટે ઝડપી, ઈકો-ફ્રેન્ડલી અને ભીડ-મુક્ત વિકલ્પ પ્રદાન કરશે. સૌથી મહત્વની વાત એ છે કે આ ઈ એર ટેક્સીમાં મુસાફરીનો ખર્ચ સ્ટ્રીટ ટેક્સી જેટલો જ હશે.

ઈન્ટરગ્લોબ એન્ટરપ્રાઈઝની રચના ભારતની ઈન્ડિગો એરલાઈન્સ અને અમેરિકાની આર્ચર એવિએશનના સહયોગથી કરવામાં આવી છે. આર્ચર એવિએશનને સ્ટેલાન્ટિસ, બોઈંગ અને યુનાઈટેડ એરલાઈન્સ જેવી મોટી કંપનીઓ તરફથી ટેકો મળે છે. તે ઈલેક્ટ્રિક વર્ટિકલ ટેકઓફ અને લેન્ડિંગ એરક્રાફ્ટના ઉત્પાદનમાં નિષ્ણાત છે. ઈન્ટરગ્લોબ એન્ટરપ્રાઈઝ મિડનાઈટ નામના ઈ-એરક્રાફ્ટ સાથે ભારતમાં ટેક્સી સર્વિસ શરૂ કરવાની યોજના ધરાવે છે.

## ભારતમાં લોકશાહી હિંદુ સંસ્કૃતીને લીધે જીવીત પણ અસહિષ્ણુતા વધી

। મુંબઈ, તા.૧૦ ।

ગીતકાર જાવેદ અખ્તરે દિવાળી પર આયોજિત કાર્યક્રમને સંબોધતાં હિન્દુ સંસ્કૃતિમાં સહિષ્ણુતની પ્રશંસા કરતાં કહ્યું કે જો ભારતમાં લોકતંત્ર કાયમ છે તો તેનું કારણ હિન્દુ સંસ્કૃતિ જ છે. એ વિચારવું કે આપણે સાચા છીએ અને બીજા લોકો ખોટા છે તે હિન્દુ સંસ્કૃતિનો ભાગ નથી. જાવેદ અખ્તરે આ સાથે જ કહ્યું કે જોકે હવે અસહિષ્ણુતા પણ વધી ગઈ છે પરંતુ દેશમાં લોકતંત્ર કાયમ છે કેમ કે હિન્દુ સંસ્કૃતિ સહિષ્ણુતાવાળી છે. જાવેદ અખ્તરે આ ટિપ્પણી મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના (એમએનએસ) પ્રમુખ રાજ ઠાકરે દ્વારા આયોજિત દીપોત્સવ કાર્યક્રમ દરમિયાન કરી હતી. આ દરમિયાન તેમની સાથે મંચ પર સલીમ ખાન પણ હાજર હતા. બંને લેખક લાંબા સમય પછી એકસાથે જોવા મળ્યા. એક સમયે બંને વચ્ચે મતભેદના અહેવાલ ફરતા થયા હતા. આ બંનેની જોડીએ જ શોલી જેવી સુપરહીટ ફિલ્મની પટકથા લખી હતી. તેમણે કહ્યું કે આજે જે ફિલ્મો બની રહી છે તેને પરિવાર સાથે બેસીને જોઈ શકાય તેમ નથી. અભિવ્યક્તિની આઝાદી ઘટી છે અને હું આ વાત સતત કહેતો આવ્યો છું. જો આજે અમે શોલે લખી હોત તો મંદિરમાં અભિનેત્રી સાથે ધર્મેન્દ્રના ડાયલોગ્સ પર હોબાળો મચી ગયો હોત.

# દહેરાદૂનમાં જ્વેલરીના શો રૂમમાંથી બંદૂકની અણીએ ૨૦ કરોડની લૂંટ

## દેહરાદૂનમાં જ્વેલરીના શોરુમમાં બદમાશો ઘૂસી ગયા અને ૨૦ કરોડની કિંમતના દાગીનાની લૂંટ કરી

। દહેરાદૂન, તા.૧૦ ।

દેશમાં દિવસેને દિવસે ક્રાઈમ વધી રહ્યો છે તેમજ લૂંટના બનાવોના કિસ્સાઓ સામે આવી રહ્યા છે ત્યારે દેહરાદૂનમાં બદમાશોએ બંદૂકની અણીએ જ્વેલરીના શોરુમમાં ૨૦ કરોડ રૂપિયાની કિંમતના સોના-ચાંદીના દાગીનાની લૂંટને અંજામ આપ્યો હતો. ઉત્તરાખંડની રાજધાની દેહરાદૂનમાં રિલાયન્સ જ્વેલરીના શોરુમમાં બદમાશો ઘૂસી ગયા હતા અને બંદૂકની અણીએ ફક્ત ૨૫ મિનિટમાં જ ૨૦ કરોડ રૂપિયાની કિંમતના સોના-ચાંદીના દાગીનાની લૂંટને અંજામ આપ્યો હતો. આ ઉપરાંત શોરુમમાં કેટલાક કર્મચારીઓને માર મારવામાં પણ આવ્યો હતો. આ લૂંટની ઘટના ગઈકાલે સવારે શહેરના રાજપુર રોડ સ્થિત રિલાયન્સના જ્વેલરી શોરૂમમાં બની હતી જ્યારે જ્વેલરીને સજાવવાની તૈયારીઓ ચાલી રહી હતી. આ ઘટનાની માહિતી આપતા એસપી સરિતા ડોભાલે કહ્યું હતું કે લૂંટના સીસીટીવી મળી આવ્યા છે જેના આધારે હાલ પોલીસ તપાસ કરી રહી છે. આ લૂંટના મામલે શોરૂમ મેનેજર સૌરભ અગ્રવાલ તરફથી કેસ નોંધવામાં આવ્યો છે.

# લશ્કરે તોયબાના આતંકી અકરમ ગાઝીની ગોળી મારીને હત્યા કરાઈ

## અકરમ ગાઝીએ ૨૦૧૮થી ૨૦૨૦ સુધી લશ્કરના ભરતી સેલનું નેતૃત્વ કર્યું હતું, તે ભારત વિરોધી નિવેદનો માટે જ જાણીતો હતો

। ઈસ્લામાબાદ, તા.૧૦ ।

ભારતના શત્રુઓ એવા પાકિસ્તાની આતંકીઓને જાણે કોઈ વીણી વીણીને ઠાર કરી રહ્યું હોય એમ વધુ એક આતંકીને અજાણ્યા હુમલાખોરોએ ગોળી મારી મોતને ઘાટ ઉતારી દીધો છે. માહિતી અનુસાર લશ્કર એ તોયબા (એલઈટી)ના આતંકી અકરમ ખાન ઉર્ફે અકરમ ગાઝીની પાકિસ્તાનના બાજૌરમાં અજાણ્યાં હુમલાખોરોએ કથિતરૂપે ગોળી મારી હત્યા કરી નાખી હતી. અકરમ ગાઝીએ ૨૦૧૮થી ૨૦૨૦ સુધી લશ્કરના ભરતી સેલનું નેતૃત્વ કર્યું હતું. તે પાકિસ્તાનમાં પણ ભારતવિરોધી નિવેદનો માટે જ જાણીતો હતો. અકરમ ખાન અવારનવાર ભારતવિરોધી ઝેર ઓકતો હતો. ઉલ્લેખનીય છે કે અકરમ ગાઝી લશ્કર એ તોયબાનો એક મોટો આતંકી હતો જે કથિતરૂપે લાંબા સમયથી કટ્ટરપંથી પ્રવૃત્તિઓમાં સામેલ હતો. તેણે લશ્કર એ તોયબામાં આતંકીઓની ભરતી કરવાની જવાબદારીઓ પણ સંભાળી હતી. માહિતી અનુસાર અજાણ્યા હુમલાખોરોએ બાજૌરમાં ગોળીબારી કરી તેને ગંભીર રીતે ઘાયલ કરી નાખ્યો હતો.

## વિશેષ

### શ્રમિક અન્નપૂર્ણા યોજનાના ૧૫૫ નવા કેન્દ્રોનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

# લક્ષ્મીજીની ઉપાસનાનો દિવસ ધનતેરસ રાજ્યના બાંધકામ શ્રમિકો માટે અન્નપૂર્ણા મહોત્સવ બન્યો

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગરીબ-વંચિત-નાનામાં નાના માનવીના આવાસ-આરોગ્ય-આવક-અભ્યાસ માટે અનેક સફળ યોજનાઓ આપી છે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, ગરીબ, વંચિત અને સમાજના નાનામાં નાના માનવીને આરોગ્ય, આવાસ, આવક અને અભ્યાસ માટેની અનેક સફળ યોજનાઓ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સેવા-સુશાસન અને ગરીબ કલ્યાણના ધ્યેય મંત્ર સાથે આપી છે. મુખ્યમંત્રીશ્રી રાજ્યના બાંધકામ શ્રમિકોને પાંચ રૂપિયાના નજીવા દરે ભરપેટ ભોજન પૂરું પાડતી શ્રમિક અન્નપૂર્ણા યોજનાના ૧૫૫ નવા કેન્દ્રોનો રાજ્ય વ્યાપી પ્રારંભ કરાવતા સંબોધન કરી રહ્યા હતા.

ઊદ્યોગ તથા શ્રમ-રોજગાર મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુત આ અવસરે મુખ્યમંત્રીશ્રી સાથે ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યના વિવિધ જિલ્લા મથકોએ મંત્રીમંડળના મંત્રીશ્રીઓ, પદાધિકારીઓએ શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્રોનો શુભારંભ કરાવ્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર ગરીબો, વંચીતો, પીડિતો અને છેવાડાના માનવીઓના હિતોને વરેલી સરકાર છે. તેમણે દરેક યોજનાઓમાં અંત્યોદય ઉત્થાનનો ભાવ કેન્દ્રસ્થાને રાખ્યો છે.

એટલું જ નહીં, યોજનાઓ જેમના માટે બની છે તે લાભાર્થીઓ સુધી ૧૦૦ ટકા સફળતાપૂર્વક યોજના પ હોંચે તેવો સેચ્યુરેશનનો વિચાર પણ તેમની પ્રેરણાથી સાકાર થઈ રહ્યો છે એમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીએ કોરોના કાળમાં કોઈ ગરીબને ભૂખ્યા ન સૂવું પડે તેની ચિંતા કરીને સૌને અન્ન પહોંચાડ્યું હતું. આરોગ્ય સેવાઓ પણ આપી હતી અને કોરોના પછી નાના



વેપારીઓ, ધંધો-વ્યવસાય કરનારાઓને લોન સહાય આપી આર્થિક આધાર પણ પૂરો પાડ્યો છે. ગુજરાતમાં ૩ લાખ ફેરિયાઓને આવી સહાય પી.એમ. સ્વનિધિ અન્વયે અપાઈ છે તેની પણ વિગતો મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. તેમણે ઉમેર્યું કે, ગરીબોને આવાસ અને તેમના સંતાનોને અભ્યાસની તક મળે તેની પણ ચિંતા કરીને વડાપ્રધાનશ્રીએ ગરીબો, વંચિતોના કલ્યાણ માટે સર્વ સમાવેશી, સર્વવ્યાપી વિકાસનો ધ્યેય રાખ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ બાંધકામ શ્રમિકોની આરોગ્ય સુખાકારી માટે રાજ્ય સરકાર દ્વારા બાંધકામ સાઈટ પર જ ધનવંતરી રથની સુવિધા પૂરી પાડવામાં આવે છે તેની પણ સરાહના કરી હતી. તેમણે 'હર હાથ કો કામ અને ભૂખ્યાને ભોજન' નો મંત્ર પાર પાડી કલ્યાણ રાજ્ય-રામરાજ્ય બનાવવાની નેમ દર્શાવી હતી.

બાંધકામ શ્રમિકોને શ્રમિક અન્નપૂર્ણા યોજના અન્વયે અપાતા ભોજનની ગુણવત્તા અને નિયમિતતા જળવાઈ રહે તે માટે પણ મુખ્યમંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમૃતકાળમાં વિકસિત ભારત@૨૦૪૭ના આપેલા મંત્રને વિકસિત ગુજરાતના નિર્માણથી પાર પાડવા શ્રમિકો, ખેડૂતો સહિત સૌના સાથ, સૌના વિકાસનું આહવાન કર્યું હતું. ભારતીય મજદૂર સંઘના સ્થાપક દત્તોપંત ઠેંગડીનાં ૧૦૪માં જન્મદિને શ્રમિકોના કલ્યાણના આ સેવાયજ્ઞને તેમણે ઉપયુક્ત ગણાવ્યો હતો.

આ પ્રસંગે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના પોષણ અભિયાનને અનુલક્ષીને મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્યમાં પણ શ્રમિકોને પૂરતું પોષણ મળી રહે અને તેમનું સારું સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે શ્રમિક અન્નપુર્ણા યોજના શરુ કરવામાં આવી છે.

ગુજરાત રાજ્યના ૧૦ જિલ્લાઓમાં ૧૧૮ કડિયાનાકા પર શ્રમિક ભોજન વિતરણ કેન્દ્રો કાર્યરત હતા, તેને મળેલા શ્રમિકોના ખૂબ જ બહોળા પ્રતિસાદ અને શ્રમિકોની અનુકૂળતાને ધ્યાનમાં રાખીને શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો વ્યાપ વધારીને નવા શરૂ કરવામાં આવનારા ૧૫૫ કેન્દ્રો સહિત ૧૭ જીલ્લામાં કુલ ૨૭૩ કડિયાનાકા પરથી ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ હેઠળ નોંધણી કરાવેલ હોય તેવા બાંધકામ શ્રમિકોને પોતાના પૂરા પરિવાર માટે એક ટંકનું ભોજન મળશે.

રાજ્યભરમાં આશરે ૭૫,૦૦૦ જેટલાં શ્રમિકો લાભાન્વિત થશે. મુખ્યમંત્રીશ્રીએ પોતે વૈષ્ણોદેવી ખાતે નવા શરૂ થયેલ ભોજન કેન્દ્રની મુલાકાત લઈને શ્રમિકો સાથે બેસીને ભોજન કર્યું હતું તેની વિગતો તેમણે આપી હતી.

મંત્રીશ્રીએ જણાવ્યું કે, કોરોનાના કપરાં સમયે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર શ્રમિકોની પડખે ઊભી રહી હતી કુલ રૂપિયા ૧૫૦૦ કરોડ ફાળવીને ત્રણ લાખથી વધુ શ્રમિકોના રહેવાની વ્યવસ્થા રાજ્ય સરકારે કરી હતી. ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા શ્રમિકોના કલ્યાણ માટે કુલ ૨૦ જેટલી યોજનાઓ અમલમાં છે. કુલ બે કરોડ જેટલા શ્રમિકોને રાજ્ય સરકારે વેતનમાં ૨૫% નો વધારો આપ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ઉદ્યોગોને કૌશલ્ય યુક્ત શ્રમબળ પૂરું પાડવાના ધ્યેય સાથે 'કૌશલ્યા - ધ સ્કીલ યુનિવર્સિટી'ની સ્થાપના પણ કરવામાં આવી છે એમ તેમણે ઉમેર્યું હતું.

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. અંજુ શર્માએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર બાંધકામ શ્રમિક ભાઈ-બહેનોના કલ્યાણ માટે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ સતત ચિંતા કરી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત સહિત મહાનુભાવોના હસ્તે શ્રમિક પરિવારોને ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા ચલાવવામાં આવતી વિવિધ કલ્યાણકારી યોજનાઓની સહાયના ચેક વિતરણ કરવામાં આવ્યા હતા. શ્રમિકોને પ્રતિક સ્વરૂપે ટિફિન અને બેગનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

અમદાવાદના સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી હર્ષદભાઈ પટેલ, શહેર મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન, ડે. મેયર શ્રી જતીનભાઈ પટેલ, અમદાવાદ મનપાના સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી દેવાંગભાઈ દાણી, શ્રમ આયુક્ત શ્રી અનુપમ આનંદ, રોજગાર અને તાલીમ વિભાગના નિયામક શ્રી ગાર્ગી જૈન, કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી મેહુલ દવે તથા અન્ય આમંત્રિત મહેમાનો અને મોટી સંખ્યામાં શ્રમિકો ઉપસ્થિત રહ્યા હતાં.

### ભાવમાં કિલોએ ૨૦થી વધુનો વધારો

# અમદાવાદ શહેરના ફુલ બજારમાં રોનક, ફુલોની મહેક થઈ મોંઘી


## દિવાળીના પર્વ પર લોકો ફુલોનો ઉપયોગ પૂજા, રંગોળી માટે કરતા હોય છે, ત્યારે આગામી દિવસોમાં હજુ પણ ફુલોની માગ વધશે



। નવી દિલ્હી, તા.૧૦ ।

ધનતેરસના પર્વ પર અમદાવાદના ફુલ બજારોમાં સવારી જ રોનક જામી છે. જો કે ધનતેરસમાં આ ફુલોની મહેક પણ હવે મોંઘી થઈ ગઈ છે. તમામ ફુલોમાં ૨૦થી ૩૦રૂપિયાનો વધારો જોવા મળી રહ્યો છે. સામાન્ય દિવસોમાં ૮૦ રૂપિયે કિલો મળતા ગુલાબના ભાવ ૧૨૦થી ૧૪૦ રૂપિયાના ભાવે મળી રહ્યાં છે. જ્યારે ગલગોટાના ભાવ ૩૦થી ૪૦ રૂપિયાને બદલે ૬૦થી ૮૦ રૂપિયાના ભાવે મળી રહ્યાં છે. સેવનથીનો ભાવ પણ ૧૬૦ રૂપિયે કિલો મળી રહ્યો છે. જો કે વેપારીઓને તહેવારોના દિવસોમાં સારો વેપાર થશે તેવી આશા છે.

દિવાળીના પર્વ પર લોકો ફુલોનો ઉપયોગ પૂજા, રંગોળી માટે કરતા હોય છે. ત્યારે આગામી દિવસોમાં હજુ પણ ફુલોની માગ વધશે અને ફુલોની વધતી માગ સાથે તેના ભાવ પર પણ અસર પડશે. દિવાળી પર ઘરના આંગણામાં રંગોળી બનાવવાની પરંપરા સદીઓથી ચાલી આવે છે. એવું માનવામાં આવે છે કે આ રંગોળી દેવી લક્ષ્મીના સ્વાગત માટે બનાવવામાં આવી છે. જો તમે પણ દેવી લક્ષ્મીનું સ્વાગત કરવા માટે તમારા ઘરના આંગણામાં રંગોળી બનાવવા માંગો છો પરંતુ તમારી પાસે સમય ઓછો છે તો આ વખતે રંગોની નહીં પણ ફૂલોની રંગોળી બનાવો. લોકો ઘણીવાર રંગીન રંગોળી બનાવવામાં ઘણો સમય લે છે. આવી સ્થિતિમાં, ફૂલોથી બનેલી આ રંગોળી ડિઝાઈન ખૂબ જ સુંદર દેખાતી નથી પરંતુ બનાવવામાં પણ ખૂબ જ સરળ છે. જો તમારી પાસે પણ આ દિવાળીમાં રંગોળી બનાવવાનો સમય નથી, તો તમે ઝડપથી ફૂલોથી રંગોળી બનાવી શકો છો. મેરીગોલ્ડ ફૂલો અને પાંદડાઓની રંગોળી ખૂબ જ સુંદર લાગે છે. ગણપતિની રંગોળી કર્યા પછી, તમે તમારા ઘરના મુખ્ય દરવાજા પર ફૂલોથી રંગોળીની ડિઝાઈન ઝડપથી બનાવી શકો છો. ફૂલની રંગોળી બનાવવી ખૂબ જ સરળ છે. રંગોળીની ડિઝાઈનમાં વધારે જગ્યા કે ફૂલોની જરૂર પડતી નથી. તમે ફૂલોની સરળ રંગોળીની ડિઝાઈન બનાવી શકો છો અને તેને ચમકદાર અને વશીકરણથી ભરી દેવા માટે તેને ડાયસ (તેલના દીવા) અથવા ડેકોરેટિવ લાઈટ્સથી સજાવી શકો છો.






મોટેરા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં અફઘાનિસ્તાન અને સાઉથ આફ્રિકા વચ્ચે મેચ રમાઈ હતી.

**ન્યૂઝ બ્રિફ**

### ગુજરાતમાં પોલીસ ભરતીની શારીરિક-લેખિત કસોટીના નિયમોમાં ફેરફાર થશે

। ગાંધીનગર, તા.૧૦ ।

ગુજરાતમાં પોલીસ ભરતીની તૈયારી કરતાં ઉમેદવારો માટે સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, પોલીસની ભરતીના નિયમોમાં સંભવિત રીતે ધરખમ ફેરફાર થવા જઈ રહ્યા છે. કોચિંગ ક્લાસ વગર ઉમેદવારો પરીક્ષા આપી શકે તેવીવ્યવસ્થા થઈ શકે છે. નોંધનિય છે કે, લાંબા સમયથી નવા નિયમ બનાવવા અંગે મથામણ ચાલી રહી છે. જોકે હાલ માહિતી મુજબ CMની અધ્યક્ષતામાં આ નિયમોને આખરી ઓપ અપાઈ રહ્યો છે. પોલીસની ભરતીના ઈચ્છુક ઉમેદવારો માટે મોટા સમાચાર સામે આવ્યા છે. વિગતો મુજબ પોલીસની ભરતીના નિયમોમાં ધરખમ ફેરફાર થઈ શકે છે. માહિતી પ્રમાણે લાંબા સમયથી નવા નિયમ બનાવવા અંગે મથામણ ચાલી રહી છે. જોકે હવે શારીરિક કસોટી અને લેખિત કસોટી અંગેના નિયમમાં ફેરફાર થઈ શકે છે.

### GPSCની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર અંગે પરિપત્ર જાહેર કરાયો

। ગાંધીનગર, તા.૧૦ ।

GPSCની પરીક્ષા પદ્ધતિને લઈ સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, GPSCની પરીક્ષા પદ્ધતિ મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. GPSCની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર અંગે પરિપત્ર જાહેર કરાયો છે. જે મુજબ હવે ૨ તબક્કામાં મંડળ દ્વારા પરીક્ષા લેવાશે. બન્ને કસોટીના ગુણના આધારે મેરીટ બનશે. આ સાથે કુલ જગ્યાના ૨ ગણા ઉમેદવારો ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે લાયક ગણાશે. ગૌણ સેવા પસંદગી મંડળની તાંત્રિક, બિન તાંત્રિક પરીક્ષાની પદ્ધતિમાં ફેરફાર કરવામાં આવ્યો છે. પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર અંગેના પરિપત્ર મુજબ હવે ૨ તબક્કામાં મંડળ દ્વારા પરીક્ષા લેવાશે. જેમાં પ્રથમ તબક્કામાં તાર્કિક ૩૦, ગાણીતિક ૩૦ માર્કની પરીક્ષા લેવાશે તો બીજા તબક્કામાં બંધારણ, વર્તમાન પ્રવાહો, ભાષાના ૩૦ માર્કની પરીક્ષા લેવામાં આવશે. વિગતો મુજબ સંબંધિત વિભાગો અને ઉપયોગીતાના ૧૨૦ માર્કનું કુલ ૧૫૦ માર્કનું પેપર રહેશે.

### બિલ્ડરો પરના દરોડામાં મોટી ગેરરીતિનો ખુલાસો

# અમદાવાદમાં બિલ્ડરોને ત્યાં દરોડામાં ૧૭૦૦ કરોડના જમીનના દસ્તાવેજ જપ્ત

## વિદેશી ફંડનું રોકાણ જમીનોમાં કર્યુ હોવાનો પણ ખુલાસો







। અમદાવાદ, તા.૧૦ ।

અમદાવાદના બિલ્ડરો પરના દરોડામાં મોટી ગેરરીતિનો ખુલાસો થયો હતો. શહેરના શીપરમ, સેલડિયા, અવિરત ગ્રુપ પર આઈટીએ દરોડા પાડ્યા હતા. ઈન્કમ ટેક્સ વિભાગે ૧૭૦૦ કરોડના જમીનના દસ્તાવેજો જપ્ત કર્યા હતા. વિદેશી ફંડનું રોકાણ જમીનોમાં કર્યુ હોવાનો પણ તપાસમાં ખુલાસો થયો હતો. નોંધનીય છે કે આવક વેરા વિભાગે અમદાવાદના ૪૦ સ્થળે શીપરમ ગ્રુપ, સેલડિયા ગ્રુપ અને અવિરત ગ્રુપના બિલ્ડરો અને બોકર તેમજ શરાફી પેઢીની ઓફિસ અને રહેઠાણે દરોડા પાડ્યા હતા. બિલ્ડર ગ્રુપના રહેઠાણ, ઓફિસ અને વચેટીયાના ત્યાંથી ૧૭૦૦ કરોડની જમીન ખરીદીના દસ્તાવેજ મળી આવ્યા છે. જેમાં સૌથી મોટુ રોકાણ શીપરમ ગ્રુપના બિલ્ડર ત્રિકમભાઈ પટેલ અને તેમના ભાગીદારોનું હોવાનો પર્દાફાશ થયો છે. અવિરત ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડના બિલ્ડરો કનુભાઈ પટેલ, કેડાઈ-ગાહેડના વાઈસ પ્રેસિડેન્ટ સંદિપ પટેલની ઓફિસ અને રહેઠાણે તપાસ કરી હતી. શીપરમ સ્કાય ગ્રુપના બિલ્ડર ત્રિકમ પટેલ, ધર્મેન્દ્ર પટેલ અને અનિલ પટેલની ઓફિસ તેમજ રહેઠાણ ઉપરાંત અન્ય ભાગીદારોને ત્યાં પણ દરોડા પાડવામાં આવ્યા હતા. ઓગણજમાં મોચાપાયે સ્કીમ બનાવનાર શીપરમ સ્કાય ગ્રુપના બિલ્ડરો ત્રિકમભાઇ પટેલ,ધર્મેન્દ્ર પટેલ અને અનિલ પટેલને ત્યાં તપાસ કરી હતી. રિયલ એસ્ટેટ સાથે સંકળાયેલા સેલડિયા ગ્રુપના બિલ્ડરની જજીસ બંગલો ચાર રસ્તા નજીક બોડકદેવ વિસ્તારમાં આવેલી ઓફિસ અને ગ્રુપના બિલ્ડર અરવિદ સેલડિયા, આદિત્ય સેલડિયા,ચિરાગ અને વિપુલભાઈને ત્યાં તપાસ કરીને દસ્તાવેજો જપ્ત કરાયા હતા. બીજી તરફ અમદાવાદના વસ્ત્રાપુરમાં પીસીબીએ દરોડા પાડી ૧૧ જુગારીઓને ઝડપી પાડ્યા હતા. શહેરના વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલી રત્નમણી એપાર્ટમેન્ટમાં કેટલાક શખ્સો જુગાર રમતા હોવાની પોલીસને માહિતી મળી હતી. ત્યારબાદ પોલીસે દરોડા પાડ્યા હતા અને ૧૧ જુગારીઓને ૧૩ લાખ ૮૭ હજાર રોકડ રકમ સાથે ઝડપી પાડ્યા હતા.

**મહિલા બૂટલેગરને ત્યાં સતત બે દિવસ દરોડો પાડયો**

# નેત્રંગમાં દેશી દારૂનું વેચાણ કરતી ૮ મહિલા સહિત અન્ય ૬ બૂટલેગર ઝડપાયા

## પોલીસે થવા ગામના પાટિયા પાસે જઇ શખ્સની અંગઝડતી કરતા ૫૮૦૦ નો દારૂ ઝડપી લીધો હતો

। નેત્રંગ, તા.૧૦ ।

નેત્રંગ -દેડિયાપાડા રોડ ઉપર આવેલા થવા ગામના પાટિયા પાસે વિદેશી દારૂની બોટલો ભરેલા થેલા સાથે ઉભેલા એક બૂટલેગર અને નેત્રંગ પોલીસ સ્ટેશન વિસ્તારની અલગ અલગ બીટોના પોલીસ રેડ કરી ૮ બૂટલેગરો સહિત અન્ય ૬ બૂટલેગર મળી કુલ ૧૩ બૂટલેગર ઝડપાઈ જતાં બૂટલેગરો સામે ગુનો દાખલ કર્યો છે. નેત્રંગ પોલીસને મળેલી બાતમીના આધારે નેત્રંગ-દેડિયાપાડા રોડ પર આવેલા થવા ગામના પાટિયા પાસે એક અજાણ્યો શખ્સ વિદેશી દારૂની બોટેલો ભરેલા થેલા સાથે ઉભો હતો.પોલીસે થવા ગામના પાટિયા પાસે જઈ શખ્સની અંગઝડતી કરતા રૂ.૫૮૦૦ નો દારૂ ઝડપી લીધો હતો. તેનું નામ પૂછતા ધર્મેશ જેસીંગ વસાવા રહે નિશાળ ફળિયુ પોમલાપાડા તા. દેડિયાપાડા જિ નર્મદા જ્યારે અલગ અલગ બીટ વિસ્તારોમા દેશી દારૂનુ વેચાણ કરનાર બૂટલેગરોમાં (૧) સંવિતા ઉર્ફે ગોમતી વસાવા રહે લાલમંટોડી નેત્રંગ.(૨) શકુ વલ્લભ વસાવા રહે નિશાળ ફળયુ કોયલી માંડવી (૩) સુરી સરાધ વસાવા રહે ચંદવાણ તાડ કંપની.(૪) સંગીતા અર્જુન વસાવા રહે સ્ટેશન ફળીયુ મોટામાલપોર (૫) ઉર્મિલા સુરેન્દ્ર વસાવા રહે ગૌચર ફળીયુ મોટા જાંબુડા (૬)સુમિત્રા છગન વસાવા રહે ઝરણાવાડી (૭) સુનંદા રાજેશ વસાવા રહે ઝરણા ફોરેસ્ટ (૮) સુરકીયા સેંગજી વસાવા રહે ચંદવાણ તાડકંપની (૯)લક્ષ્મણ દેવા વસાવા રહે ખરેઠા (૧૦) હરી સોનજી વસાવા રહે નવીનગરી વાંકોલ (૧૧) જેઠા દલસુખ વસાવા રહે મચામડી (૧૨) દિલીપ ચંદુ વસાવા. રહે વરખડી (૧૩) જશુ ફકીયા વસાવા રહે ખરેઠા.મોટા જાબુંડા ખાતે રહેતી મહિલા બૂટલેગર ઉર્મિલા સુરેન્દ્રને ત્યા પોલીસે સતત બે દિવસ રેડ કરી હતી.

# ગુજરાત સાયન્સ સિટી ખાતે વિશ્વ વિજ્ઞાન દિવસની ભવ્ય ઉજવણી કરાઈ



। અમદાવાદ, તા.૧૦ ।

વર્લ્ડ સાયન્સ ડે ફોર પીસ એન્ડ ડેવલપમેન્ટ, ૨૦૨૩ ની થીમ અને તેના મહત્વને ધ્યાનમાં રાખીને, ગુજકોસ્ટના સહયોગથી ૧૦મી નવેમ્બર ૨૦૨૩ના રોજ સાયન્સ સિટી ખાતે જાગૃતિ લાવવા અને વિજ્ઞાનમાં વિશ્વાસનું નિર્માણ કરવા માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ.

શાંતિ અને વિકાસ માટે વિશ્વ વિજ્ઞાન દિવસ દર વર્ષે ૧૦મી નવેમ્બરના રોજ ઉજવવામાં આવે છે, સમાજમાં વિજ્ઞાનના મહત્વને ઉજાગર કરવા અને વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તે માટે ગુજરાત સાયન્સ સિટી અવાર નવાર વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનુ આયોજન કરતી રહે છે, ત્યારે આજે સાયન્સ સિટીમાં વિશ્વ વિજ્ઞાન દિવસ નિમિત્તે "વિજ્ઞાનમાં વિશ્વાસનું નિર્માણ"થીમ હેઠળ ઉજવણી કરવામાં આવી.

આ થીમનો મુખ્ય હેતુ વૈજ્ઞાનિક ઘટકો પર ધ્યાન કેન્દ્રિત કરવા અને નાગરિકોને વિજ્ઞાનના વિકાસ વિશે માહિતગાર કરવાનો છે. તે ગ્રહો વિશેની આપણી સમજને વિસ્તૃત કરવામાં અને આપણા સમાજને વધુ ટકાઉ બનાવવામાં વૈજ્ઞાનિકોની ભૂમિકાને પણ રેખાંકિત કરે છે.

ડો. નરોત્તમ સાહૂ, સલાહકાર, ગુજકોસ્ટએ તમામ સહભાગીઓને પ્રોત્સાહિત કર્યા અને કહ્યું કે વિજ્ઞાન કોઈ સીમાઓ જાણતું નથી અને તે ઉજ્જવળ, વધુ શાંતિપૂર્ણ ભવિષ્યની ચાવી ધરાવે છે.

આ કાર્યક્રમમાં સહભાગીઓ માટે "ધ વેક્સીન વોર" પર એક વિશેષ વૈજ્ઞાનિક મૂવી જોવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ફિલ્મ ભારતમાં કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન કોવેક્સિનના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, તેની રચનામાં સામેલ વૈજ્ઞાનિકોના પ્રયત્નો પર પ્રકાશ પાડે છે. સહભાગીઓએ રસીના વિકાસ પર ભારતીય વૈજ્ઞાનિકો દ્વારા હાથ ધરવામાં આવેલા ગ્રાઉન્ડબ્રેકિંગ સંશોધનનું જ્ઞાન મેળવ્યુ હતુ. આ કાર્યક્રમમાં ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સામાન્ય નાગરિકોએ ભાગ લીધો હતો. આ સાથે સાયન્સ સિટીના જનરલ મેનેજર ડો.વ્રજેશ પરીખ અને આસિસ્ટન્ટ જનરલ મેનેજર ડો. હાર્દિક ગોહિલ ખાસ હાજર રહ્યા હતા.

# સંતરામપુર એસટી ડેપો ખાતે ૨ નવીન બસોનું ઉદઘાટ્ન કરાયુ

## શિક્ષણ ખાતાના કેબિનેટ મંત્રી કુબેરભાઈ ડિંડોરની ઉપસ્થિતિમાં તેમના વરદ હસ્તે લીલીઝંડી આપી શરૂઆત કરાઈ

મહિસાગર બ્યૂરો ચીફ
સંતોષભાઈ જોષી, તા.૧૦

સંતરામપુર એસટી ડેપો ખાતે ૧૦ નવેમ્બર ૨૦૨૩ના રોજ બપોરના ૪ ક્લાકે ૨ નવીન બસો શિક્ષણ ખાતાના કેબિનેટ મંત્રી કુબેરભાઈ ડિંડોરની ઉપસ્થિતિમાં તેમના વરદ હસ્તે લીલીઝંડી આપી શરૂ કરવામાં આવી હતી. જેમાં આ ૨ બસ વિષે સંતરામપુરના મિડીયા તરીકે ફરજ બજાવતા સંતોષભાઈ ચોધરીનો સંપર્ક કરી તેમની એક મિડીયા અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, આ ૨ નવીન બસો સંતરામપુરથી પીટોલ અને પીટોલથઈ કાલાવાડ રૂટ પર શરૂ કરવામાં આવી છે. આ બસનું સંચાલન સંતરામપુર,



લુણાવાડા, બાલાસિનોર, અમદાવાદ, રાજકોટ થઈને કરવામાં આવશે. અને બીજી ત્યાંથી રીત આ જ રૂટ પર આવશે. જેમાં સદર રૂટના સંચાલનની દાહોદ તથા મહિસાગર જિલ્લાની જનતાને લાભ મળી રહેશે. જેથી તમામ જનતાને હું મિડીયાના માધ્યમથી અપીલ કરૂ છું કે, જેટલી બને તેમ વધુમાં વધુ આ બસનો લાભ લેવા અનુરોધ કરુ છું. જેમાં આ કાર્યક્રમ નિમિત્તે કેબિનેટ મંત્રી કુબેરભાઈ ડિંડોર, સંતરામપુર તાલુકા પંચાયતના પ્રમુખ, હરીશભાઈ વલવય, સંતરામપુર તાલુકાના મંડળના પ્રમુખ, પટેલ્યા સાહેબ, સંતોષભાઈ જોષી તથા પાર્ટીના કાર્યકરો હોદ્દેદારો અને સંતરામપુર ડેપો મેનેજર, સંગાડા સાહેબ, ડેપો એટીઆઈ, હિતેન્દ્રસિંહ પુવાર, સ્ટેન્ડ ઈન્ચાર્જ ઓફિસર વિનુભાઈ પટેલ, કન્ટ્રોલર દેવેન્દ્રસિંહ ગેહલોટ, મહેન્દ્રભાઈ પટેલ તથા એસટી ડેપોના સમગ્ર સ્ટાફે તથા આવતા જતા મુસાફરો હાજર રહ્યા હતા.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર
વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨